Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.12 - Issue 2
February 2019
Price 12/-

કેલીફોર્નિયામાં ૪૦મા ગવર્નરના પદગ્રહણ સમારોહ કાર્યક્રમમાં (વચ્ચે) ગવર્નર ગેવિન ન્યુઝમ, શ્રીમતી જેનિફર સીબેલ ન્યુઝમ સાથે બ્ર.કુ. ચંદ્રુબેન તથા પ્રખ્યાત સર્વ ધર્મના મુખ્ય પ્રતિનિધિઓ.

અમેરિકા ખાતે 'વોશીંગ્ટન ટાઈમ્સ' મુખ્યાલયમાં ઈશ્વરીય સંદેશ અને રાજયોગ અનુભૂતિ કાર્યક્રમ બાદ સર્વ અધિકારીઓ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. પાયલબેન તથા બ્ર.કુ. હરિ પ્રસાદ મહારાજ.

રાજકોટ સબઝોનના 'ગોલ્ડન જ્યુબીલી' કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. સુરજભાઈ, પોલીસ કમીશનર ભ્રાતા મનોજ અગ્રવાલ, બાલાજી વેફર્સના ભ્રાતા ભીખુભાઈ તથા અન્ય.

કેશોદ સેવાકેન્દ્રની મુલાકાતે પધારેલ ભારતના પૂર્વ નાણાં સચિવ IAS ભ્રાતા હસમુખ અઢીયા અને પરિવારજનોને અવ્યક્ત મહિનામાં શાંતિ સ્તંભની પ્રતિકૃતિનું અવલોકન કરાવતાં બ્ર.કુ. રુપાબેન.

અહમદનગર ખાતે પ્રખ્યાત સમાજસેવક ભ્રાતા અન્ના હજારેના હસ્તે '૮૦ વિશ્વ કીર્તિમાન' સ્થાપિત કરનાર બ્ર.કુ. ડૉ. દીપક હરકેને ગ્લોબલ રેકોર્ડનું પ્રમાણપત્ર આપી સન્માનીત કરતાં.

વડોદરા અલકાપુરીમાં 'સંત સમેલન'માં બ્ર.કુ.રામનાથભાઈ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, મહંત રામકરણદાસજી, કથાકાર શ્રી જાની મહારાજ, ગાયત્રી પરિવારના મહેન્દ્રભાઈ તથા અન્ય મહાનુભાવો.

દાહોદ સેવાકેન્દ્ર પર આયોજીત 'માઈન્ડ બૉડી મેડિસીન કાર્યક્રમ'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. કપિલાબેન, ડૉ. વનરાજભાઈ હાંડા, ભ્રાતા રાજેશ દવે તથા અન્ય મહાનુભાવો.

શ્રીમતી એસ. એસ. રાઠોડ મહુડી ખાતે આયોજીત હાસ્ય કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. મનીષાબેન, હાસ્ય કલાકાર સિરાજ રંગવાલા, મહુડી હાઇસ્કૂલના આચાર્ય ચી. એસ. રાઠોડ અને શિક્ષક સ્ટાફ.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૯ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ફરિશ્તાપણાની અવસ્થા ....તંત્રી સ્થાનેથી ..04
- સ્વસ્થિતિમાં, સ્વમાનમાં રહો ....દાદી જાનકીજી ..06
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..07
- ધર્મભ્રષ્ટથી ધર્મનષ્ટ ....બ્ર.કુ. ગીતાબેન ..08
- સદ્ચારિત્ર્યવાન યુવા જ સ્વર્ણિમ ....બ્ર.કુ. સતીશ ..10
- બંધન છોડો - સંબંધ જોડો ....બ્ર.કુ. કેશુભાઈ ..13
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..15
- જિંદગીની પરીક્ષા ....બ્ર.કુ. નીતા ..17
- સફળતાની ચાવી - આત્મવિશ્વાસ ....બ્ર.કુ. વિજય ..20
- સફળતાનાં સોપાનો ....બ્ર.કુ. વારિસભાઈ ..21
- દુઆઓ બદ્ દુઆઓ ....બ્ર.કુ. કાન્તિભાઈ ..25
- માંસાહાર કરવો અને કરાવવો ....બ્ર.કુ. શિવશરણ ..27
- 'પરફેક્ટ' બનવાની 'ફેક્ટ'સ ....બ્ર.કુ. નીતિનભાઈ ..29
- મેલી વિદ્યા ....મૃગેશ વૈષ્ણવ ..31
- સાધનાનાં સૂત્રો ....બ્ર.કુ. જયુભાઈ ..32

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની સરલાદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)
Account No. : **032910001801**
Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, 'સુખશાંતિ ભવન', ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2543 1676, 2532 4360

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

ફરિશ્તાપણાની અવસ્થા

લક્ષ્ય

શાંતિવનમાં વાર્ષિક મીટીંગના મેમ્બર્સના ત્રણ દિવસ ચાલેલા સન્માન સમારંભમાં એક દિવસ ફરિશ્તાનો પોશાક પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. તે રીતે સાધનાભવન (વલાદ)માં પણ ભઠ્ઠીનો વિષય ફરિશ્તાભવ હતો. **માત્ર ફરિશ્તાનો પોશાક પહેરવાથી જ ફરિશ્તા બની જવાતું નથી. આમ છતાં જળાશયમાં કાંકરી ફેંકતાં વલયો જન્મે છે તે રીતે ફરિશ્તાનો પોશાક અંતરમનની દુનિયામાં ડોકિયું કરવાની પ્રેરણા આપે છે. ફરિશ્તાની અવસ્થાને ધારણ કરવા માટે પુરુષાર્થ કરવાનું બળ આપે છે.**

આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નત અવસ્થા બનાવવા માટે આ વાક્ય મહત્ત્વપૂર્ણ છે. धरत परिये धर्म न छोडिये. ફરિશ્તા બનવાનું લક્ષ્ય છે તો **ફરિશ્તાની સદા સ્મૃતિ રહે તે માટે પરદર્શન, પરચિંતન, સંગદોષથી મુક્ત રહેવાનું વલણ જન્મે.** ફરિશ્તાપણાના લક્ષ્ય સુધી પહોંચવા માટે **જૂની પુરાણી દુનિયા, દેહ, દેહના સંબંધોથી મુક્ત થઈ એ સ્મૃતિ રહે કે હું બ્રાહ્મણ (બ્રહ્મા વત્સ) સો ફરિશ્તા બનવાનો છું.** લક્ષ્યના સાતત્ય માટે **યોગીએ બોલ, ચાલ, રહેણીકરણી ફરિશ્તા જેવી બનાવવા માટે નિરંતર તીવ્ર પુરુષાર્થ કરવો પડે.** બ્રહ્માબાબાએ આત્મિક સ્થિતિ માટે તીવ્ર પુરુષાર્થ કર્યો, અભ્યાસ કર્યો તે રીતે **હાલતાં, ચાલતાં, કાર્ય કરતાં ફરિશ્તાપણાની સ્મૃતિ જળવાઈ રહે** તો લક્ષ્ય નજીક લાગે.

ફરિશ્તાના ગુણો

ફરિશ્તા બનનાર આત્મા નાની મોટી વાતોમાં મૂંઝાઈ જતો નથી પણ **જ્ઞાનનું મનનચિંતન કરીને શક્તિ સંપન્ન બને છે.** ફરિશ્તાની દુનિયા બેહદની હોય છે. તેથી **મારું તારું ભૂલીને સર્વ પરમાત્માનું છે એવી ભાવના દૃઢ બને છે. તે દેહના સંબંધોથી દૂર રહે છે. તે આસક્તિ, લગાવ મુક્ત એવી આત્મિક સ્મૃતિમાં રહે છે. તે હંમેશા શુભભાવના, શુભ કામનાનાં આંદોલનો ફેલાવે છે. વર્તમાન સમયે શરીરના કર્મભોગ ભોગવવા પડે છે પણ ફરિશ્તા બનનાર કર્મભોગ પર કર્મયોગ દ્વારા વિજય મેળવી સદા પ્રસન્નચિત્ત રહે છે.**

તેનામાં **કન્ટ્રોલીંગ પાવર હોય છે** તેથી વ્યર્થ ઉપર નિયમન કરી શકે છે. સમાવવાની શક્તિ દ્વારા **સંસારની ખારાશ સમાવીને તે પ્રસન્ન રહે છે.** તે **જ્ઞાનની ઓથોરિટી હોય છે.** તે પોથી પંડિત બની ના રહેતાં બાબાએ જેની પ્રેરણા આપી છે તેની સાહજિક રીતે અનુભૂતિ કરે છે. **તે સાકાર શરીરધારી હોવા છતાં સદા લાઈટરૂપમાં રહે છે.** લાઈટનો વસ્ત્રધારી બને છે. તેણે ईच्छा मात्रम् अविद्याના સૂત્રને જીવનમાં ધારણ કરેલું હોય છે. કોઈપણ આત્મા તેને જુએ તો તેનાં **વાણી, સંપર્ક, ચહેરા દ્વારા ફરિશ્તાપણાની ઝલક દેખાય છે.** આવો યોગી **ન્યારો હોવા છતાં સર્વનો પ્યારો** બને છે. એનામાં **બેહદની દૃષ્ટિ, વૃત્તિ અને સ્થિતિ** જોવા મળે છે. તે સદા **વ્યર્થ અને કોઈને નારાજ કરે તેવા બોલથી મુક્ત હોય છે.**

ફરિશ્તાનું કર્તવ્ય

તે દૂર સુધી આત્માઓને પોતાની દિવ્યતાની ટચીંગ કરાવે છે. સકાશ આપનારાં વાયબ્રેશન ફેલાવીને, ચમકતી લાઈટનો સાક્ષાત્કાર કરાવે છે. તે ઉપરામસ્થિતિથી કર્મના

બંધનથી મુક્ત થઈને ઉડતી કળાની અનુભૂતિ કરે છે. તેને સાકાર દુનિયાની વાતોમાં રસ નથી. તે તો સદા ઊંચી સ્થિતિમાં સ્થિત થઈને કાર્ય કરે છે. હમણાં હમણાં અહીં ને પળમાં જ વતનમાં પહોંચવાનો અભ્યાસ કરે છે. બ્રહ્માબાબાની જેમ તે પોતાનું સર્વ કાંઈ પરમાત્માને અર્પણ કરે છે.

મનસા સેવા દ્વારા આત્માઓને સકાશ આપવાનું, સંસ્કાર પરિવર્તનનું, પીડામાંથી મુક્તિ અપાવવાનું કાર્ય કરે છે. જ્યારે જે સ્થિતિમાં સ્થિત થવું હોય ત્યારે તે સ્થિતિમાં સ્થિત થઈ શકે છે. તે **બાપ સમાન વિશ્વ કલ્યાણકારી** બને છે. તેનાં કર્મ બ્રહ્માપિતા સમાન હોય છે. તે **કર્મ આટોપી લીધા પછી ફરિશ્તાની સ્થિતિમાં આવી જાય છે.** તે નિરાકારી, નિર્વિકારી, નિર-અહંકારી અવસ્થામાં રહે છે. તેનો **ચહેરો દિવ્ય પ્રસન્નતાસભર** હોય છે. તેની **સ્વ સ્થિતિ અચલ, અડોલ અને એકરસ** હોય છે. તે **નષ્ટોમોહા સ્મૃતિસ્વરૂપ બનવાનો તીવ્ર પુરુષાર્થ** કરે છે. તે પરમાત્મા પ્રત્યે **સમર્પણબુદ્ધિ હોવાથી સર્વ પ્રકારના બોજથી મુક્ત** રહે છે.

તેનો આત્મવિશ્વાસ એટલો દૃઢ હોય છે કે તે **અસંભવમાં પણ સંભવની અનુભૂતિ** કરે છે. યજ્ઞના ઈતિહાસમાં આવી ઘટનાઓ નોંધાયેલી છે. તે **સદા તનાવમુક્ત** રહે છે. બ્રહ્માબાબા બેગરી પાર્ટ વખતે પણ તનાવમુક્ત હતા. તેમના **ચહેરાનો ભાવ સદા સ્થાયી** રહ્યો હતો. ફરિશ્તા **મન, વાણી, કર્મ, સંબંધ, સંપર્કમાં સદા હળવા, ડબલ લાઈટ** હોય છે. તે **અન્ય આત્માઓને સ્વયં દ્વારા અષ્ટ શક્તિઓનો અનુભવ** કરાવી શકે છે. સૌનો **સંબંધ એક પિતા પરમાત્મા સાથે જોડવાની તે મહત્ત્વપૂર્ણ સેવા** કરે છે. પોતાનાં શ્રેષ્ઠ કર્મો દ્વારા ઈશ્વરીય પ્રસાદ સૌને વહેંચે છે.

અવ્યક્ત બાપદાદાએ ફરિશ્તા અવસ્થા માટે આ મહાવાક્યો ઉચ્ચાર્યાં છે.

'સ્વયંને સદા ડબલ લાઈટ અનુભવો છો ? ડબલ અર્થાત્ ફરિશ્તા. અને ફરિશ્તાની નિશાની છે એનો કોઈપણ દેહ અને દેહધારીઓ સાથે સંબંધ અર્થાત્ મનનો લગાવ હોતો નથી. તો સદા ફરિશ્તા બનીને સર્વ કાર્ય કરો છો ? કારણ કે ફરિશ્તાઓના પગ સદા યે ઊંચા હોય છે. ધરતી પર હોતા નથી. ધરતીથી ઊંચા અર્થાત્ દેહભાનની સ્મૃતિથી ઊંચા. આવા ફરિશ્તા બન્યા છો ? દેહ અને દેહની દુનિયા બંનેનો અનુભવ સારી રીતે કરી લીધો છે ને ? તો જ્યારે અનુભવ કર્યો તો અનુભવી બન્યા પછી હવે ફરીથી દેહ તથા દેહની દુનિયામાં બુદ્ધિ જઈ શકે છે ? દેહ અને દેહની દુનિયાની સ્મૃતિથી ઊંચા રહેનારા ફરિશ્તા બનો. ફરિશ્તા અર્થાત્ સર્વ બંધનોથી મુક્ત.'

(10-11-87ની અવ્યક્તવાણી.)

સંગમયુગ પૂર્ણાહુતિની નજીક પહોંચી ગયો છે. બાબાએ સાકાર અને અવ્યક્તવાણીઓમાં ઉચ્ચારેલી વાતો આજે જોવા મળે છે. દેશ અને દુનિયામાં પરિસ્થિતિ સ્ફોટક બની રહી છે. કોઈપણ રાજકીય પક્ષ આ સમસ્યાઓનું સંપૂર્ણ સમાધાન કરી શકે તેવી સ્થિતિમાં નથી. નૈતિક, ચારિત્રિક મૂલ્યોનું અધઃપતન શરમાવે તેવું બની ગયું છે. અખબારો, ઈલેક્ટ્રોનિક મીડિયામાં તે બધું આવે છે. ભ્રષ્ટાચાર એની હદ વટાવી રહ્યો છે.

પરમાત્માના બન્યા પછી બ્રાહ્મણમાંથી ફરિશ્તા બનવાની આ અણમોલ તક છે. **જ્યારે સમસ્યાઓ વિકરાળરૂપ ધારણ કરશે ત્યારે પુરુષાર્થ થઈ શકશે નહીં. સંગમયુગની આ સોનેરી પળો વ્યર્થ ના જાય** તેવી શુભકામના સાથે વિરમું છું. ॥**ઓમશાંતિ** ॥

- બ્ર.કુ. કાલિદાસ

અમૃતધારા

સ્વસ્થિતિમાં, સ્વમાનમાં રહો

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

બાબાની સમર્પણ જિંદગીને જોઈને પ્રારંભમાં બાબાને ફોલો (અનુસરણ) કરવામાં જે પણ નિમિત્ત બન્યા, સમર્પિત થયા તેઓ બાબાનાં રતન બની ગયાં. દરેકની સ્ટોરી વન્ડરફુલ છે. અમે પણ પદ્માપદ્મભાગ્યશાળી છીએ. જ્યાં પગ મૂક્યા ત્યાં રુહાની કમાણી છે. કારણ કે રુહાની અભ્યાસ પ્રત્યે ઘણો પ્રેમ છે. બાળક સારું ભણે, નામ રોશન કરે તો લૌકિક મા-બાપને ખુશી થાય છે. આપણે પણ ઈશ્વરીય જ્ઞાનના અભ્યાસમાં વધારે ધ્યાન આપીએ છીએ, તો બાબા ખુશ થાય છે.

જ્ઞાનની મંઝિલ કહે છે હું એકલો છું, એકલા જવાનું છે. સ્વયંને એકલા સમજશો તો કદી દેહ પ્રત્યે આકર્ષણ થશે નહીં. આપણે બાબાની ગોદીમાં આવી ગયાં. હું અન્ય કોઈની ગોદીમાં નથી, ના કોઈ મારી ગોદીમાં આવી શકે. આ ઈશ્વરીય કાયદો કહે છે. આપણે તો દેહના ધર્મોથી પણ દૂર જવાનું છે. બુદ્ધિમાં એક બાબા છે તો સર્વવિકારીવૃત્તિઓ સમાપ્ત થઈ જાય છે. જ્ઞાનની ઢાલને સદા સાથે રાખો.

પરસ્પર કદી પણ ખટપટ ના હોવી જોઈએ. જ્યારે પોતાને માલિક સમજીએ છીએ, તો સત્તા બતાવીએ છીએ. બાબાએ કહ્યું છે બાળકો, તમે પ્રવૃત્તિમાં છો તો પ્રેમ અને શાંતિમાં રહેવાનું છે. એકમત થઈને રહેવાનું છે. દરેકની બુદ્ધિ પોતપોતાની છે. કર્મોનો હિસાબ કિતાબ પણ દરેકનો પોતપોતાનો છે. લક્ષ્ય રાખવાથી લક્ષણ આવી જ જાય છે. શ્રીમતને ન્યાયાધીશ બનાવો. શ્રીમત કહે છે એકમત થઈને રહો. તે માટે ક્યારેક બીજાની વાતોને પણ માનવી પડે છે. સાથીની વાતની અવગણના કરશો નહીં. દરેક પોતપોતાનો એક્યુરેટ પાર્ટ નિભાવી રહ્યા છે. કેરફુલ (સાવધાનીપૂર્વક) રહો તો ચિયરફુલ (પ્રસન્નતા સભર) બની શકશો. જો કેરફુલ નથી તો ખટપટ ચાલ્યા કરશે. તેથી હોશ પણ રાખવાનો છે સાથે સાથે ઉમંગ, ઉત્સાહનો જોશ પણ રાખવાનો છે. બાબા કહે છે બંનેનું બેલેન્સ રાખીને જીવો. ક્યારેય નાની નાની વાતોમાં પોતાનો મૂડ બગાડવાનો નથી. મૂડ ઓફ એટલે ઓફ. કોઈએ ખોટું કર્યું, ખોટું બોલ્યા. તો તેમને સમજાવો. આમ છતાં તે ના માને તો પોતાની અવસ્થા બગાડશો નહીં. જો તમે ડીસ્ટર્બ થશો તો તમારી યોગયુક્ત અવસ્થા રહેશે નહીં. સાચા ખોટાનું માર્ગદર્શન આપવું તે આપનું કર્તવ્ય છે. બાકી દરેકે પોતાના પગથી જ ચાલવાનું છે. તે માટે પોતાનો ચાર્ટ બગાડશો નહીં. સ્વસ્થિતિથી જ સેવા કરી શકશો. સ્વનો ચાર્ટ સારો રાખો. સ્વ આત્માને શીતળ બનાવો. સર્વ શક્તિઓને સાથે રાખો. જ્યારે સમાવવાનો સમય હોય ત્યારે સમાવી લો. જ્યારે સાચા ખોટાનો સામનો કરવાનો હોય ત્યારે સાચા પક્ષમાં રહીને સામનો કરો. સહન કરવું પડે તો સહન કરી લો. ત્યારે એવું ના કહો કે શું કરું ? મારામાં સહન કરવાની શક્તિ નથી. ના કહો છો

(અનુસંધાન પેજ નં. 12 પર)

પ્રસન્નતાના પથ પર

મસ્તિષ્કમાં ભરવામાં આવતી માહિતીનું મહત્ત્વ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપણે દરેક પગલામાં પોતાનું ભાગ્ય બનાવી રહ્યા છીએ. એનું પહેલું સાધન છે માહિતી. સવારે ઉઠતાં જ અને રાત્રે સૂતા પહેલાં આપણા મસ્તિષ્કમાં કેવા વિચારો મોકલીએ છીએ એનું આપણે ધ્યાન રાખીએ છીએ. એટલા માટે આપણી પાસે કોઈ એવું સાહિત્ય રાખીએ જેથી રાતના સૂતા પહેલાં અને સવારે ઉઠવાની સાથે જ વાંચી શકીએ જેનાથી આપણા સંકલ્પ સ્વચ્છ રહી શકે. બ્રહ્માકુમારીઝમાં આપણે પરમાત્માનાં મહાવાક્ય સાંભળીએ છીએ. મોટે ભાગે રાત્રે સૂવાના સમયે કાંતો ટી.વી. જોઈએ છીએ અને જે વાંચીએ છીએ તે સારું સાહિત્ય હોતું નથી. એને વાંચવાથી મન ઘણું જ ઉત્તેજિત થઈ જાય છે. એ ઉત્તેજનામાં સૂઈ જઈએ છીએ. શરીર તો સૂઈ ગયું પરંતુ મન કાર્યરત રહ્યું એને કારણે જ્યારે સવારે ઉઠીએ છીએ તો મનની સ્થિતિ ભારે રહે છે.

જો આપણે કોઈ વાતથી પરેશાન છીએ, ચેતન મનમાં કોઈ સંકલ્પ ચાલી રહ્યા છે તો ઊંઘ આવતી નથી. સૂવાની કોશિશ કરીએ છીએ પરંતુ સૂઈ શકતા નથી. રાત્રે કોણ સૂઈ શકતું નથી ? જેનું મન શાંત હોતું નતી. દિવસની બનેલી ઘટનાઓ યા પરેશાનીઓ આપણા વિચારોને પ્રભાવિત કરે છે. મનમાં વારંવાર એના જ વિચારો આવતા હોય છે. આ પ્રકારના સંકલ્પોની ગતિ ઘણી તીવ્ર હોય છે. જે ચેતન મનને શાંત થવા દેતું નથી. જેના કારણે વ્યક્તિને રાત્રે ઊંઘ આવતી નથી. ત્યારે તેઓ ઊંઘની ગોળી લેશે યા અન્ય કોઈ ઉપાય અજમાવશે. જેથી ચેતન મનને શાંત કરી દે. આ સર્વ કરવાને બદલે જો આપણે ફક્ત કંઈક સારું વાંચીએ તો આપણા વિચારની કક્ષા સ્વયંને બદલી દેશે. મન ધીરે ધીરે શાંત થતું જશે. આ આપણે આખા દિવસમાં પણ કરી શકીએ છીએ. જ્યારે વ્યર્થ સંકલ્પોની ગતિ એટલી વધારે હોય છે કે વાત મનમાં એકદમ ચાલી જ જાય છે ત્યારે આપણે સકારાત્મક સંકલ્પ કરી શકતા નથી. આવા સમયમાં કોઈપણ સારાં પુસ્તકો વાંચીએ જેથી વ્યર્થ સંકલ્પ આવતા બંધ થઈ જશે.

આપણે સૂતા પહેલાં જે વિચારો કરીએ છીએ એજ સંકલ્પોની સાથે ઉઠીએ છીએ. તો આપણે ધ્યાન રાખીએ કે સવારે ઉઠતાં જ કેવા વિચારો આપણા મસ્તિષ્કમાં ભરીએ છીએ ? આ વિચારો સવારના નાસ્તા જેવા છે. આપણો નાસ્તો ઘણો જ સ્વાસ્થ્યવર્ધક હોવો જોઈએ. એ રીતે સકારાત્મક સંકલ્પ મનનું ભોજન છે. એટલે આપણે ઘણા જ શક્તિશાળી સંકલ્પ આપણા મનમાં ભરવા જોઈએ. આને એક મહીનો અજમાવીને જુઓ. એક મહીના સુધી સવારે ઉઠતાં જ દૈનિકપત્રો વાંચવાનું અને રાત્રે સૂતા પહેલાં ટેલીવિઝન જોવાનું બંધ રાખો. દૈનિકપત્રો એક પત્રની જેમ વાંચો. સવારે 6 થી 8ના સમયમાં દૈનિકપત્રો વાંચશો નહીં. એવું વાંચો જેનાથી સકારાત્મક માહિતી મસ્તિષ્કમાં જાય. આટલું કરવાથી ઓછી મહેનતમાં વધારે સફળતા મળશે. દિવસની શરૂઆતમાં જ મનને નકારાત્મક વિચારોનું

(અનુસંધાન પેજ નં. 31 પર)

ધર્મભ્રષ્ટથી ધર્મનષ્ટ

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

માહિતી અને પ્રૌદ્યોગિકીના યુગમાં સંચાર અને વાહન વ્યવહારનાં એવાં સાધનો બનેલાં છે કે આજ ગામડામાં બેસેલો માનવ સમગ્ર વિશ્વ સાથે જોડાઈ જાય છે. વિશ્વની ગતિવિધિઓનો જાણકાર બની જાય છે. પરંતુ દરેક વસ્તુ, વ્યવસ્થાને નજીક લાવનાર વિજ્ઞાન માનવ માનવના દિલને નજીક લાવી શક્યું નથી. બસ આજ એક આશ્ચર્યજનક બાબત રહી ગઈ છે. એવું લાગે છે કે આ દુનિયા ફરીથી સોનાની લંકા બની રહી છે જ્યાં ભૌતિક સુખ સંપન્નતા અને પ્રકૃતિ પર તો પ્રભુત્વ છે. પરંતુ માનવમનની વૃત્તિઓનું અધઃપતન દિનોદિન વધતું રહ્યું છે. વિજ્ઞાન અને યાંત્રિકીના વિકાસે માનવમનની અનેકાનેક માન્યતાઓને તોડી નાંખી છે. વ્યવહારોને બદલી દીધા છે. છતાં પણ આશ્ચર્યની વાત એ છે કે અંધશ્રદ્ધા ઘટવાને બદલે વધી રહી છે.

ધર્મના નીતિનિયમ જીવન નિર્માણમાં ઉપયોગી છે.

આમ તો જીવન અને જગતથી સંબંધિત સત્યોનો બોધ કરાવનાર ધર્મ માનવના વિકાસમાં અડચણરૂપ નથી પરંતુ આત્મા, પરમાત્મા, સ્વર્ગ, નરક વગેરે સંબંધિત ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધા અડચણ રૂપ છે. જ્યારે ધર્મના નામ પર કરવામાં આવતો દંભ અને બાહ્યાચાર આપણી જીવનપદ્ધતિ, રીતિ-નીતિને શુભ અને શ્રેષ્ઠ બનાવતો નથી ત્યારે સૌના મનમાં ધર્મ પ્રત્યે સંશય અને પ્રશ્નો જન્મે છે. ધર્મમાં માનનાર લોકો જ્યારે અધર્મનો વ્યવહાર કરે છે, તો સ્વાભાવિક છે કે લોકો ધર્મથી દૂર થાય છે. રોડ ઉપર ચાલનારાઓ માટે ટ્રાફીક સિગ્નલ જરૂરી છે. જેને અનુસરવું મહત્ત્વપૂર્ણ છે, તે નહીં માનવાથી દુર્ઘટના થાય છે. એ રીતે ધર્મના નીતિ નિયમ શ્રેષ્ઠ જીવનના નિર્માણ માટે ઉપયોગી સિગ્નલ છે. એને તોડવાથી અપરાધ જ થાય છે.

ધર્મ આત્મશુધ્ધિનું સાધન છે.

વિશ્વનો વર્તમાન સમય એ બતાવી રહ્યો છે કે ધર્મ પોતાના મૂળ ધ્યેયથી વિચલિત થતો જાય છે. દરેક ધર્મમાં અનેક સંપ્રદાય, મઠ, પંથ બની ગયા છે. તેઓ પરસ્પર વેર, વૈમનસ્ય વધારી રહ્યા છે. વાસ્તવમાં ધર્મ તો આત્મ શુદ્ધિ અને પરમાત્માને મેળવવાનું એક સાધન છે. ધર્મના નામ પર ધર્માંધતા અને ધર્મ ઝનૂનની અતિ થઈ રહી છે. એનાથી તો ધર્મભ્રષ્ટ-કર્મભ્રષ્ટ સમાજનું દર્શન થાય છે. આજ કારણથી આજની યુવા પેઢી અને શિક્ષિત વર્ગ ધર્મવિમુખ થઈને પથભ્રષ્ટ થઈ રહ્યો છે. તેઓ અધ્યાત્મના સત્યને પણ જાણવા, સમજવા ઈચ્છતા નથી. માનવજીવન ભોગવાદી, ભૌતિકવાદી, અનૈતિક - અશ્લીલ બનતું રહ્યું છે.

ધર્મનો અર્થ છે ગુણોને ધારણ કરવા

આપણે કહીએ છીએ કે આપણે ધર્મભ્રષ્ટ બની ચૂક્યા છીએ. ધર્મનો અર્થ જ છે ગુણોને ધારણ કરવા. આપણે ધર્મને માનીએ છીએ પણ એને કર્મમાં, આચરણમાં લાવતા નથી. સંસાર અનાદિકાળથી ચાલતો આવ્યો છે, ચાલતો રહેશે પરંતુ મૂળ તથ્યોને વિસારી દેવાં એને જ ધર્મભ્રષ્ટ કહેવામાં આવે છે. ફળ બહારથી સારું લાગે છે પણ અંદરથી સડતું રહે છે. તે પોતાના મૂળ ગુણો રસ, સ્વાદ, સત્ત્વ, સારથી વિકૃત થઈ જાય છે. એ રીતે ધર્મના નામ પર કર્મકાંડ બહુ ચાલી રહ્યાં છે પણ

આપણે મૂળ ધ્યેયથી, સતપથથી ભ્રષ્ટ બની ગયા છીએ. આ ધર્મવૃદ્ધિ નથી, વિસ્તાર અને વિકૃતિ છે. આપણે ધર્મનષ્ટની સ્થિતિમાં આગળ વધી રહ્યા છીએ. ધર્મભ્રષ્ટ થવું એ જ ધર્મનષ્ટ સ્થિતિનો પૂર્વ સંકેત છે. આ ધર્મભ્રષ્ટ સ્થિતિથી સ્વયંને બચાવ્યા નથી તો સર્વનાશની સ્થિતિ બની જશે.

ધર્મનો સંબંધ આત્મા સાથે છે, શરીરથી નથી.

કોઈપણ ચીજ પહેલાં પોતાના સત્ય સ્વરૂપમાં હોય છે. પછી સાધારણ, સામાન્ય સ્થિતિમાં આવી જાય છે. પછી ધીરે ધીરે રસહીન, સત્ત્વહીન બનતી જાય છે અર્થાત્ શ્રેષ્ઠ થી ભ્રષ્ટ બની જાય છે. અને છેવટે નષ્ટ થઈ જાય છે એ રીતે જ ગતિ અને સ્થિતિ ધર્મની આપણા જીવનમાં થઈ રહી છે. ધર્મભ્રષ્ટથી ધર્મનષ્ટની પ્રક્રિયા દરમિયાન જે લોકો જીવનના, સંસારના મૂળ, અચલ, સર્વસામાન્ય સનાતન સત્યોને સમજી ઓળખી લે છે, કર્મ વ્યવહારમાં ધારણ કરી લે છે અને આ મહાપરિવર્તનના, હલચલના વાતાવરણમાં પણ દૃઢતાથી સત્યોના ધારણા સ્વરૂપ બની રહે છે તેઓ જ ધર્મોદય અર્થાત્ સતધર્મનો પાયો બની જાય છે. ધર્મશ્રેષ્ઠ, કર્મશ્રેષ્ઠ આત્માઓ બીજાઓ માટે અનુકરણીય ઉદાહરણ બની જાય છે. વાસ્તવમાં ધર્મનો સંબંધ આત્મા સાથે છે, સ્થૂલ શરીર સાથે નહીં. એ અર્થમાં સ્વધર્મ, આત્મધર્મની વાત આપણે કરી રહ્યા છીએ આત્મધર્મ, આત્માના મૂળ મૂળ ગુણો પ્રત્યે જ ધ્યાન ખેંચાવે છે. પોતાના અનાદિ, શુદ્ધ, સત્ય, પવિત્ર ગુણોનું સ્વરૂપ બનવું એને જ ધર્માચરણ કહેવાય છે.

કેટલાક લોકો જીવનમાં નૈતિક મૂલ્યોની ધારણાને મહત્ત્વ આપે છે. પરંતુ નૈતિકતાનો આધાર આધ્યાત્મિકતા છે. વાસ્તવમાં આ ગુણ અને મૂલ્ય, સૂક્ષ્મ અનુભૂતિઓ છે, આત્માની સ્થિતિ છે. આત્મા ગુણ ધારણ કરે છે અને પરમાત્મા ગુણોના અનાદિ સ્ત્રોત, સાગર, અખૂટ ભંડાર છે. જ્યાં સુધી પરમાત્મા સાથે આપણે દિલ-દિમાગથી અર્થાત મન-બુદ્ધિ, વિવેક અને ભાવનાથી જોડાતા નથી ત્યાં સુધી આપણે પ્રભાવશાળી રૂપથી ગુણોની ધારણા કરી શકતા નથી.

માનવજીવનનાં નૈતિક, ચારિત્રિક, સામાજિક, માનવીય જે મૂલ્યો છે, તેઓ ચૈતન્ય આત્માના મૂળભૂત સાત ગુણોનું સંમિશ્રણ છે. આપણા આંતરિક - આત્મિક ગુણોનો વિકાસ થતાં જ ભ્રષ્ટતા અને વિકૃતિઓ વિદાય લેવા લાગે છે. પ્રકાશ થતાં જ અંધકાર સમાપ્ત થઈ જાય છે. એ રીતે જ સત્યની ધારણાથી, નિષ્કૃષ્ટતા, ભ્રષ્ટતા સમાપ્ત થઈ જાય છે. આત્માભિમુખ, પરમાત્માભિમુખ બનવા માટે નિયમિત રીતે અભ્યાસ કરવાની આવશ્યકતા છે. તેની શરૂઆત આપણાથી કરીએ. નિત્ય શાંત, સ્વચ્છ સ્થાન ઉપર બેસીને, અંતર્મુખી બનીને સ્વયંના શુદ્ધ આત્મસ્વરૂપને ગહનતાથી અનુભવીએ અને પરમશક્તિ પરમાત્માને યથાર્થ રૂપથી જાણી ઓળખીને જિગરી અનન્ય પ્રેમભાવથી યોગયુક્ત થઈને મનોમિલન મનાવીએ જેથી આજના ધર્મનષ્ટના કિનારા પર ઊભેલા સમાજમાં ફરીથી સતધર્મનો આદિનો આધાર આપણે બની શકીએ.

॥ ઓમશાંતિ ॥

- **ખરાબ આદત સામે ઝૂકી જવાથી વ્યક્તિ પોતાના ઉપર રાજ્ય કરવાનો અધિકાર ગુમાવી દે છે.**
- **ભગવાનમાં વિશ્વાસ રાખવો એટલે ભયથી મુક્તિ મેળવવી.**

સદ્‌ચારિત્ર્યવાન યુવા જ સ્વર્ણિમ ભારતના કર્ણધાર

બ્ર.કુ. સતીશ, માઉન્ટ આબુ

સુદૃઢ સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણમાં યુવા જો ઈંટ છે તો ચરિત્ર એમાં સીમેન્ટ છે. યુવા શક્તિનું પ્રતીક છે, એમના જ ખભા ઉપર રાષ્ટ્રનો ભાર છે, તેઓ સાંસ્કૃતિક અને સામાજિક મૂલ્યોના સંરક્ષક છે તો ભાવિ વિશ્વના નિર્માણના મૂલ્યોના સંવાહક પણ છે. યુગ સદા શક્તિનું આવાહ્‌ન કરે છે. સુષુપ્ત શક્તિના જાગરણ અને જાગૃત શક્તિના સંરક્ષણ - સંવર્ધનનો ભાર પણ એના ઉપર છે. યુવા પ્રકાશ છે જેના આલોકમાં સમાજ તથા રાષ્ટ્રનું ચિત્ર તથા ચરિત્ર પ્રતિબિંબિત થાય છે. જ્યાં યુવા સત્યનિષ્ઠ, કર્તવ્યશીલ અને ચરિત્ર સંપન્ન છે એ રાષ્ટ્ર દિનોદિન પ્રગતિના પથ ઉપર આગળ વધે છે.

યુવા કોણ છે ? તેની ઓળખ એની સમૃદ્ધિ, એની વેશભૂષા, પાલના, અભ્યાસ, પદ-પ્રતિષ્ઠા અને વ્યવસાયથી થતી નથી. એના મિત્ર, મકાન, દુકાન તથા સ્થાનથી નહીં પણ એના જીવન દર્શનથી એની ઓળખ થાય છે. એનું વિચારવાનું, બોલવાનું અને કાર્યથી ઓળખ થાય છે. એનો વ્યવહાર, સદ્‌ચરિત્રતા અને વ્યક્તિત્વની એની વાસ્તવિક સંપત્તિ, સુંદરતા અને શક્તિ છે.

વર્તમાન યુવાનું ચિત્ર અને ચરિત્ર

એ સત્ય છે કે યુવાએ યુગધારાને બદલી દીધી, સ્વતંત્રતા સંગ્રામમાં ત્યાગ, બલિદાન, સાહસથી નવા રાષ્ટ્રની કથા લખી. પોતાના આદર્શો, સિદ્ધાંતો, ચિંતન તથા વ્યવહારથી વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો ગૌરવ ધ્વજ ફરકાવ્યો. પરંતુ આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના આકર્ષણમાં દિશા ભ્રમિત યુવા ભારતીય સંસ્કૃતિના આચરણમાં સ્વયંને પાછળ તથા નિરર્થક માને છે. એના વિચારોમાં આધુનિકતાની એક નવી પરિભાષા છે જે બહારથી અતિ આકર્ષક છે પરંતુ પરિણામ ઘાતક છે. તે સર્જનશીલતાના બહાને કંઈ પણ કરી શકાય તેવું સમજે છે. સંગીત, સૌન્દર્ય, ધર્મ, રાજનીતિ સર્વમાં નકારાત્મક પ્રવૃત્તિઓએ પ્રવેશ મેળવી લીધો છે. સંયમ-નિયમ, મર્યાદા, ચરિત્ર, સેવા અને સદ્‌ગુણોની એને પરવા જ ક્યાં છે ? વિદ્યાલયો તથા મહાવિદ્યાલયોમાં ડીગ્રીઓ મેળવ્યા છતાં નૈતિક મૂલ્યો અને શિસ્તબદ્ધ વ્યવહારની કંઈ ખબર નથી. છેવટે યુવાવર્ગ ક્યાં જઈ રહ્યો છે ? રાષ્ટ્રના ભાવિ કર્ણધારોને શું થઈ ગયું છે ?

કારણ ? એક વિશ્લેષણ

ગમે તે હોય, તેનું એક કારણ નથી. માત્ર યુવાઓને દોષ આપવો તે ન્યાયી વાત નથી. યુવાઓને આ સ્થિતિએ પહોંચાડવામાં સમાજ, સમય, સાધન-સગવડો, સંચાર માધ્યમ અને સંકુચિત વિચારો સર્વનો હાથ છે. જો આપણે યુવાઓને સુસંસ્કૃત, સદ્‌ચરિત્ર, સેવાભાવી અને ગૌરવશાળી બનાવવા ઈચ્છીએ છીએ તો આપણે સ્વયંના તથા સમાજના વિચારોમાં પરિવર્તન લાવવું પડશે. કહેવાય છે કે જ્યાં સુધી ચોરની મા જીવિત છે ત્યાં સુધી ચોર પેદા થતા રહેશે. તેથી પોતાના દોષોનો સ્વીકાર કરીને, દોષારોપણની પ્રવૃત્તિને સમાપ્ત કરીને પહેલાં પોતાને જ બદલવા પડશે. સત્ય તો એ છે કે જેવું આપણે કરીશું, આપણને જોઈને સૌ કરશે. આપણે બદલાયશું તો યુગ બદલાશે. આજ સમાજ એક બૃહદ પરિવર્તન સામે ઊભો છે. આ પરિવર્તનનો સંબંધ વ્યવસ્થાથી નહીં અવસ્થાથી છે, જીવનથી છે. અંતરંગ

બદલાવમાં વ્યક્તિ સફળ થાય છે.

ચરિત્ર જ મનુષ્યની મૂડી છે.

ચરિત્ર એક એવો હીરો છે જે દરેક પથ્થરને ઘસી શકે છે. મહાત્મા ગાંધી કહેતા હતા કે 'ચરિત્રની શુદ્ધિ જ સમગ્ર જ્ઞાનનું ધ્યેય હોવું જોઈએ. આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ સર્જક મુનશી પ્રેમચંદે આમ કહ્યું. 'બહુ વિદ્વાન થવાથી મનુષ્ય આત્મગૌરવ પ્રાપ્ત કરી શકતો નથી. એ માટે સદ્ચરિત્ર હોવું પરમ આવશ્યક છે. ચરિત્રની સામે વિદ્યાનું મૂલ્ય ઘણું ઓછું છે.' ચરિત્રની મહિમા કરતાં મહાભારતમાં કહ્યું છે 'જે ધનથી ક્ષીણ છે તે ક્ષીણ નહીં. જે આચરણહીન છે, એનો નાશ જ સમજો.' આ વાત ભલે આધુનિક વિચારોને ગળે ના ઉતરે પરંતુ સત્યતા એ છે કે આજે સામાજિક પતનનું મુખ્ય કારણ અનૈતિકતા અને ચરિત્ર હીનતા જ છે. વ્યક્તિ સમાજમાંથી જે કંઈ શીખે છે તેનો પહેલો પ્રયોગ ઘર તથા વિદ્યાલયમાં જ થાય છે. એ ઘણા અફસોસ સાથે કહેવું પડે છે કે આધુનિક વિદ્યાલયોમાંથી વિદ્યાર્થી નહીં, વિદ્યાની અર્થી નીકળી રહી છે. વિનોબા ભાવે કહેતા હતા કે વર્તમાન વિદ્યાલય એવાં સ્થાન છે જ્યાં વિદ્યાનો લય થઈ જાય છે. દુર્વ્યવહાર, પરીક્ષાઓમાં ચોરી, રેંગીગ, તોડફોડ, વર્ગોમાં હડતાળ અને આંદોલન વગેરે શું શું શીખવાડાય છે.

ચરિત્ર્યહનન - એક નૈતિક સંકટ

સંસારરૂપી રંગશાળામાં સર્વશ્રેષ્ઠ રંગકર્મી એને ગણવામાં આવે છે જેનું નૈતિક ચારિત્ર્ય ઉત્તમ હોય છે. તેઓ સર્વત્ર પ્રશંસા મેળવે છે. ચરિત્ર જીવનનૈયાને યોગ્ય રીતથી પાર કરનાર નાવિક છે. ચરિત્ર રૂપી સંપત્તિ નષ્ટ થઈગઈ તો સર્વનાશ થયો. ચરિત્રહીનતા એક નૈતિક અપરાધ છે. ચરિત્રના અભાવવાળી વ્યક્તિની સમાજ તથા પરિવારમાં નિંદા થાય છે. આવો માનવ સમાજમાં પોતાનું મોં બતાવવામાં ડરે છે. ચરિત્ર હનન ખરેખર એક સંકટ છે. અતિ સંવેદનશીલ તો ક્યારેક પોતાનો જાન જોખમમાં મૂકે છે. પણ સમાજમાં એવા લોકો પણ છે જેમને લોકનિંદાની પરવા નથી. મિથ્યા લોકો વચ્ચે સત્યનિષ્ઠાવાળી વ્યક્તિએ દ્રઢતા અને સાહસથી ચાલવું જોઈએ. ભૂલ કરેલ લોકોને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. જેથી તે ફરીવાર ભૂલ ના કરે, જીવન જીવવાનું મુશ્કેલ ના બનાવે. આ કળિયુગની કાજળની કોટડીમાં કલંક લાગી જાય છે. વિશેષરૂપે યુવાવર્ગે સાવચેત રહેવું પડશે. દોષારોપણ કરનારાઓ, કલંકની ટીકા કરનારાઓ તથા ચરિત્ર ઉપર કાદવ ઉછાળનારની ક્યાંય ખોટ નથી. ચરિત્રવાને આત્મ સંયમથી દ્રઢ મનોબળવાળા બનીને સત્યનિષ્ઠ થઈ નિર્ભયતાથી આગળ વધવું જોઈએ. સત્યનો વિજય થાય છે જ. સદચરિત્રતાની અગ્નિમાં તપીને વ્યક્તિત્વ સોનાની જેમ ચમકતું રહેશે.

ચરિત્ર નિર્માણનાં આધારભૂત તથ્યો

ચરિત્ર્યનિર્માણની જવાબદારી મોટેભાગે સૌની સમાનરૂપે છે. ચરિત્રનિર્માણની આધારશિલા બાલ્યકાળમાં જ રાખી દેવાય છે. તેથી સંતાનોના સંરક્ષકોની એ નૈતિક ફરજ બની જાય છે કે બાળકને ચરિત્રનિર્માણ માટે યોગ્ય વાતાવરણ, સુસંસ્કાર અને સુઅવસર (સારી તકો) પૂરી પાડે. બાલ્યકાળ રૂપી પ્રયોગશાળામાં જ સુસંસ્કૃત, કુલીન, શિષ્ટ અને સદાચારી વ્યક્તિઓનું નિર્માણ સંભવ છે. ચરિત્રવાન બનવા માટે સારો સંગ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે. દુર્જન વ્યક્તિ પણ સત્સંગથી સુધરી જાય છે. પરંતુ આજે સત્સંગ શોધવા છતાં પણ ક્યાં મળે છે ? આજના સત્સંગોમાં સત્યનાં સમીકરણો બદલાય ગયાં છે.

જ્યાં અનૈતિકતાના સમાચારો અવારનવાર સાંભળવા મળે છે. જ્યા સાંપ્રદાયિકતાનું ધ્રુવીકરણ થાય છે. જે ધાર્મિક વિદ્વેષ ફેલાવે છે. સત્સંગ તો એક સત્ય સ્વરૂપ પરમાત્માના સંગનું અર્થાત્ યોગનું નામ છે. સદ્નસીબે આ સુયોગ સંભવ બને તો જીવન સફળ થઈ જાય. છતાં પણ ચરિત્ર સંપન્ન બનવાની આકાંક્ષા રાખનાર વ્યક્તિએ સમજી વિચારીને એવી વ્યક્તિઓનો સંગ કરવો જોઈએ, જે શ્રેષ્ઠ માર્ગ પર ચાલવામાં સહયોગી બને. સાહિત્યને સમાજનું દર્પણ કહેવામાં આવે છે. કહેવાય છે કે જ્યાં આદિત્ય નથી ત્યાં અંધકાર છે. એ દેશ શબ સમાન છે. જ્યાં સાહિત્ય નથી. આજે સાહિત્યના પહેલાં સત્ ઉપસર્ગ લગાવવો જરૂરી છે. કારણ કે અપસંસ્કૃતિનું વહન કરનાર પુસ્તકોની ભીડ થઈ છે. આવા સમયે ચારિત્ર્ય નિર્માણમાં સહાયક સાહિત્યની પસંદગી કરવા સારી સૂઝ જરૂરી છે.

સતત સંયમ તથા ઈશ્વરમાં આસ્થા

સદ્ચરિત્રવાન બનવા માટે આત્મસંયમ, આત્મવિશ્વાસ, ઈશ્વરમાં આસ્થા, દૃઢ સંકલ્પ વગેરે ગુણોનો વિકાસ કરવો પડશે. આ ગુણોની ધારણા માટે નૈતિકતાથી અધિક આધ્યાત્મિકતાની આવશ્યકતા છે. આધ્યાત્મિકતાની ભરતી વિના તકવાદીની આંધી નૈતિકતાના માળાને નષ્ટ કરી દે છે. આજે વ્યક્તિ નૈતિકતા માટે આત્મોત્સર્ગ કરવા ઈચ્છતો નથી. જ્યાં સુધી વ્યક્તિ આત્મા, પરમાત્મા અને પુનર્જન્મના રહસ્યને જાણતો નથી, એનામાં નૈતિકતાની સ્થાપના કરવા માટે સંઘર્ષની શક્તિ આવતી નથી. એ હર્ષની વાત છે કે હજારો યુવા આજની યુગધારાથી વિપરીત આધ્યાત્મિકતા સુષુપ્ત શક્તિના જાગરણ અને જાગૃત શક્તિના સંરક્ષણ અને વિકાસની યાત્રા કરાવે છે. આજે યુવા જાગી ઉઠ્યો છે. આ એ યુવા છે જેને પુરુષાર્થમાં વિશ્વાસ છે. જેઓ જોખમ ભરેલાં કાર્યો સ્વીકારે છે પવિત્રતા અને સદ્ગુણોના સાથથી ચાલી પડ્યા છે યુગ વિવેકાનંદ. જેઓ સ્વર્ણિમ ભારતની સુસંસ્કૃતિનો ધ્વજ ફરકાવવા સજ્જ છે. ॥ઓમશાંતિ ॥

(પેજ નં. 16નું અનુસંધાન)... દિવ્યદર્શન

અવતરણ થઈ ચૂક્યું છે. આ કળિયુગી સૃષ્ટિના મહાવિનાશની સામગ્રી એટમ-હાઈડ્રોજન-પરમાણુ બોમ્બના રૂપમાં તૈયાર થઈ ચૂકી છે. તથા પરમપ્રિય પરમાત્મા દ્વારા વિશ્વ નવનિર્માણનું કર્તવ્ય પણ સંપન્ન થઈ રહ્યું છે. આ મહાવિનાશના સમયે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીએ જેથી મનોવિકારો ઉપર જ્ઞાનયોગ દ્વારા વિજય પ્રાપ્ત કરી શકીએ. આ મહાવ્રત ‘શિવવ્રત’ના નામથી પ્રસિદ્ધ છે. આ વાસ્તવમાં શિવનો મંત્ર (મત) છે જે તારક મંત્રના નામથી પ્રસિદ્ધ છે. આ વ્રત દ્વારા મનુષ્ય આત્માઓ આ સંસાર રૂપી વિષય સાગરને પાર કરી મુક્ત થઈને શિવલોકમાં ચાલી જાય છે. પરમાત્મા શિવ આ સૃષ્ટિ પર અવતરિત થઈ ચૂક્યા છે. પરમાત્મા શિવ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગની શિક્ષાથી સર્વ મનુષ્ય આત્માઓને પાવન બનાવી રહ્યા છે. આપ પણ પરમાત્માની સાથે સાચી શિવરાત્રિ મનાવીને જન્મ-જન્માંતર માટે શ્રેષ્ઠ ભાગ્ય પ્રાપ્ત કરી શકો છો. ॥ઓમશાંતિ ॥

(મહાશિવરાત્રી 04-03-2019ના રોજ છે પણ લેખ આ અંકમાં આપ્યો છે. - તંત્રી)

(પેજ નં. 06નું અનુસંધાન)...સ્વસ્થિતિમાં

અર્થાત્ યોગ નથી. યોગયુક્ત રહેવું છે તો સદા સર્વશક્તિઓને પોતાની પાસે રાખો. આખો દિવસ પરીક્ષા તો સૌની સામે આવે છે. જ્યારે આપણું સૌભાગ્ય બને છે તો માયા સો પ્રકારે વિઘ્ન નાંખે છે. પણ સ્વસ્થિતિમાં, સ્વમાનમાં રહો તો હેરાન થવું પડશે નહીં. ॥ઓમશાંતિ ॥

બંધન છોડો - સંબંધ જોડો

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

સૃષ્ટિરંગમંચ પર ચાલી રહેલા આ અલૌકિક ડ્રામાનો છેલ્લો ભાગ છે. દરેક આત્મા પોતપોતાનું પાત્ર ભજવી રહ્યો છે. આત્મા, દેહના માધ્યમથી અને સંબંધોથી બંધાયેલો છે. મનુષ્યાત્મા દેહ દ્વારા પરિવારનું બંધન નિભાવી રહ્યો છે. પરિવારની જવાબદારીઓ સંભાળી રહ્યો છે. કલિયુગના અંત સમયે તમોપ્રધાનતા પરાકાષ્ટાએ પહોંચી છે, તેથી દરેક આત્મા પર તમોગુણો પ્રભાવી બન્યા છે. એટલે જ દરેક આત્મા પર પાંચ વિકારોનું વધતું ઓછું પ્રભુત્વ છે. પાંચ વિકારોનું બંધન છે. માયા, દેહભાન અને લૌકિક સંબંધોનું બંધન દુઃખદાયી બની રહ્યું છે. શિવબાબા ઘણી બધી મુરલીઓમાં કહે છે, મારી સાથે સંબંધ જોડો. ફ્રેન્ડ, ફિલોસોફર, ગાઈડ, શિક્ષક, ગુરુ, માતા-પિતા, બંધુ, અરે ! વારસ તરીકે પણ સંબંધ જોડો. બાબા કહે છે, તમે મને જે પ્રકારના સંબંધથી જોડશો, તે પ્રકારના સંબંધે તમને સુખ આપીશ. અનુભવી મનુષ્યાત્માઓ કહે છે કે, કોઈપણ પ્રકારનું બંધન દુઃખ આપનારું હોય છે. બ્રાહ્મણ આત્માઓનો પણ અનુભવ છે કે બાબા સાથેનો કોઈપણ સંબંધ સુખ આપનાર નીવડ્યો છે. બંધન દુઃખદાયી છે સંબંધ સુખદાયી છે.

માયા રાવણ (કામ, ક્રોધ, મોહ, લોભ, અહંકાર) એ આત્મા માટે બંધનરૂપ છે. મનુષ્યાત્મા કામઈચ્છાની તૃપ્તિ માટે વિવેક ચૂકે છે. માન, મોભો, પ્રતિષ્ઠાને પણ દાવ પર લગાવી કાલિમા વહોરે છે. ક્રોધાવેશમાં તું તું, મેં મેં જીભાજોડી, મારામારી અને કેટલાક તો છેલ્લે ખૂનામરકી સુધી પહોંચી જાય છે. મોહ વશ અન્યાય કરે છે. લોભ અહિત કરાવે છે. અહંકાર મનની વૃત્તિઓને બગાડે છે. અને છેલ્લે આવા વિકારી સંસ્કારોના બંધનમાં બંધાઈ જાય છે. આવા વિકારો-બંધનો શિવબાબાની યાદમાં રહેવા દેતા નથી. યોગ અભ્યાસમાં પણ વિકારો વિઘ્નરૂપ બને છે. આજ વિકારો ઈશ્વરીય સેવામાં વિઘ્નરૂપ બને છે. ઈશ્વરીય જ્ઞાનની ધારણા થતી નથી, પરિણામે શિવબાબાની સાથેના સંબંધો ઘનિષ્ઠ બનતા નથી. માટે જ આવા વિકારોના બંધનોને છોડો અને ઈશ્વર સાથેના સંબંધોને પ્રસ્થાપિત કરો, સંબંધો જોડો અને મજબૂત કરો. વિકારોનું બંધન કલિયુગી કાલકોટડીમાં લઈ જશે. ઈશ્વરીય સંબંધો સતયુગી દુનિયામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ અપાવશે. વિકારોના બંધનોથી મુક્ત થનાર આત્માના જ ઈશ્વરીય સંબંધો વચ્ચે ગજગ્રાહ તો થતો જ રહેશે ! પરંતુ આત્માએ વિકારોના બંધન પર વિજય મેળવવા ઈશ્વરીય સંબંધોને ઘનિષ્ઠ કરવા પડશે. ઈશ્વરીય સંબંધો જ સતયુગી દુનિયામાં ઉચ્ચ પદ અપાવશે. માટે જ 21 જન્મોનું સુખ લેવા ઈશ્વરીય સંબંધો જોડો.

દેહભાન એ આત્મા માટે મોટું બંધન છે. સતયુગી દુનિયામાં જવાવાળા આત્માઓએ દેહભાનથી મુક્ત થવું જ પડશે. બ્રહ્માબાબાના સાત કદમ યાદ કરો. લેખરાજ દાદાએ પોતાના ઘરની દીવાલે દીવાલે ‘હું આત્મા છું, હું આત્મા છું...’ લખી લખીને આત્મભાન પાકું કર્યું હતું. દેહના સંબંધો પરિવાર સાથે છે. ધંધા સાથે છે, દુનિયાના વ્યવહારો સાથે છે. બાબાએ ઘણી મુરલીઓમાં કહ્યું છે કે ગૃહસ્થ વ્યવહારમાં ભલે રહો પરંતુ તેમાં રહીને મને યાદ કરો. દેહભાન પુરુષાર્થમાં વિઘ્નરૂપ બનશે આત્મભાન પુરુષાર્થમાં

વેગ આપશે. આત્માઓ દેહઅભિમાનમાં રહી બહુ ભટક્યા. અનેક પ્રકારના મિત્ર, સંબંધીઓ સાથેના બંધનમાં રહ્યા, હવે સંગમયુગે એ બધું છોડો. 'એકની' સાથે જ સંબંધ જોડો. બાબાએ રસ્તો પણ બતાવ્યો છે - મૃત્યુલોકમાં બંધનમાં રહીને પણ ઈશ્વરીય સંબંધને યાદ કરો. દેહભાન બંધન છે ઈશ્વરીય યાદ સંબંધ છે. બંધન દુ:ખ આપશે, સંબંધ સુખ આપશે. બંધન જૂની દુનિયા (કલિયુગ) સાથે અને સંબંધ નવી દુનિયા (સતયુગ) સાથે જોડાયેલા છે. શિવબાબા એકલા જ એવા છે કે જે બંધનમાંથી છોડાવે છે અને સંબંધમાં જોડે છે. પ્રિય આત્માઓ ! યાદ રાખો કે સંગમયુગે જ સંબંધનો પુરુષાર્થ થાય છે. અને આ પુરુષાર્થ એટલે નિયમિત મુરલી પઠન, ઈશ્વરીય યાદ, ઈશ્વરીય સેવા અને યોગ.

કેટલાક આત્માઓ આદતને વશ હોય છે. બીડી પીનાર, તમાકુ ખાનાર કે અન્ય વ્યસની મનુષ્યને તેના વ્યસનની ચીજવસ્તુ તેના સમય પર ન મળે ત્યારે કેટલો આકુળવ્યાકુળ થઈ જાય છે, તેને ચેન પડતું નથી. માનસિક અવસ્થા ડામાડોળ થઈ જાય છે. પોતાની માનસિક શાંતિ અને પારિવારિક શાંતિ ગુમાવે છે. ટેવનો ગુલામ માનવી દુ:ખી દુ:ખી થઈ જાય છે અને બીજાને પણ દુ:ખી કરે છે. ટેવ-વ્યસનના બંધનમાં બંધાયેલો મનુષ્યાત્મા શારીરિક અને આર્થિક સમસ્યાઓ પેદા કરે છે. પ્રતિષ્ઠા ગુમાવે છે અને છેવટે દુ:ખી થાય છે. ટેવો વ્યસનોનું બંધન દુ:ખકર્તા બની જાય છે. કેટલાક આત્માઓ ખરાબ સંસ્કારને વશ હોય છે. આદત અને ખરાબ સંસ્કાર વશ આત્માઓનો ઘણો બધો સમય વ્યર્થ વાતોમાં પસાર થાય છે. પરચિંતન, પરદર્શન અને પ્રપંચમાં પણ સમય વ્યર્થ જાય છે. એવા આત્માઓ, આદતો, સંસ્કારના બંધનથી બંધાયેલા હોય છે. તેઓ બંધનના લીધે ઘણું બધું ગુમાવે છે. જો બ્રાહ્મણ આત્મા સ્વદર્શન કરી વ્યર્થને ત્યજે અને એટલો સમય તે બંધનમાંથી મુક્ત થઈ બાબા સાથેના સંબંધે જોડાય તો ? બંધન માઈનસ કરતા છે ઈશ્વરીય સંબંધ પ્લસ કરતા છે. શિવબાબા સંગમયુગે આવીને જ્ઞાન આપી મનમત અને પરમતથી છોડાવે છે. મનમત અને પરમત ભ્રમ છે. શિવબાબા પુરુષાર્થી આત્માઓને શ્રીમત પર ચલાવી ભ્રમમાંથી છોડાવે છે. કુટેવો અને કુસંસ્કારો બંધન છે. શ્રીમત સંબંધ છે, માટે જ બંધન છોડો સંબંધ જોડો.

પરમપિતા પરમાત્મા શિવબાબા કહે છે - પ્યારા બાળકો હવે સંગમયુગે તમારો સંબંધ મારી સાથે જોડાયો છે. તમારી પીઠ રાવણરાજ્ય તરફ છે અને દૃષ્ટિ રામરાજ્ય તરફ છે. હું તમને લેવા આવ્યો છું. વિકારી દુનિયા, દેહ અને દેહના બધા સંબંધો, લૌકિક દુનિયાના બંધનો છોડો અને મારી સાથે સંબંધો જોડો. મૃત્યુલોકમાં બંધનોમાં રહેવા છતાં સુખના સંબંધોને યાદ કરો. આત્મઅભિમાની બની ભટકવાનું છોડો. જૂની દુનિયાનો નાશ થવાનો છે. તેથી તેની સાથે મમત્વ ના રાખો. બધા જ ભ્રમોમાંથી બુદ્ધિ હટાવી મારી શ્રીમત પર ચાલો અને મને યાદ કરો. મારી સાથે સંબંધો જોડો. સતયુગી દુનિયામાં ઉચ્ચ પદ મેળવો અને 21 જન્મોનું સુખ મેળવો.

મુરલી ક્લાસમાં બેસો ત્યારે આત્મા વિદ્યાર્થી છે અને શિવબાબા શિક્ષક છે તે યાદ રાખો. કોઈપણ કર્મ કરો ત્યારે પહેલાં બાબાનો મત કેવો હોય તે મતને-શ્રીમતને ધ્યાનમાં રાખી બાબા ગુરુ છે તેમ સમજીને શ્રીમત પર ચાલો. બાબાએ આપેલ જ્ઞાનનો ઉપયોગ કરીને કર્મ કરો. બાબા તત્ત્વજ્ઞાની છે, બાબા મિત્ર છે, સખા છે તો મિત્રની સલાહ મુજબ કર્મ કરો. જ્યારે જીવનમાં મુશ્કેલ પરિસ્થિતિમાં ગૂંચવાઈ જાઓ, કોઈ રસ્તો સૂઝતો

(અનુસંધાન પેજ નં. 19 પર)

દિવ્યદર્શન

મહાશિવરાત્રીની વર્તમાન પરિસ્થિતિઓમાં પ્રાસંગિકતા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારતીય જન-માનસમાં એવી માન્યતા છે કે શિવમાં સર્જન તથા સંહારની ક્ષમતા છે અને એવી પણ એક માન્યતા છે કે, શિવ 'આશુતોષ' છે. અર્થાત્ જલદી તથા સરળતાથી પ્રસન્ન થવા વાળા છે. આ ભાવનાથી લોકો શિવ પર જળ અર્પણ કરે છે તથા તેમની પૂજા કરે છે. પરંતુ પ્રશ્ન ઉઠે છે કે જીવનભર હંમેશા શિવની પૂજા કરતા રહેવા છતાં પણ, દર વર્ષે શ્રધ્ધાપૂર્વક શિવરાત્રિના દિવસે જાગરણ, વ્રત, ઉપવાસ વગેરે કરવા છતાં પણ મનુષ્યોના પાપ તથા સંતોષ કેમ દૂર નથી થતાં ? તેને મુક્તિ અને જીવન મુક્તિ અથવા શક્તિ કેમ નથી મળતી ? તેને રાજ્ય-ભાગ્યનું અમર વરદાન કેમ નથી મળતું ? છેવટે શિવને પ્રસન્ન કરવાની વિધિ કઈ છે ? શિવરાત્રિનું વાસ્તવિક રહસ્ય કયું છે ? આપણે સાચી શિવરાત્રિ કેવી રીતે મનાવીએ? 'શિવ'નો 'રાત્રિ' સાથે શું સંબંધ છે ? શિવરાત્રિ સાથે જોડાયેલ આ સર્વ પ્રશ્નોનો ઉત્તર તેના આધ્યાત્મિક રહસ્યને સ્પષ્ટ કરે છે.

'શિવરાત્રિ' ફાગણ માસના કૃષ્ણ પક્ષની અંતિમ રાત્રિ (અમાસ)ના એક દિવસ પહેલાં મનાવવામાં આવે છે. પરમપિતા પરમાત્મા શિવનું અવતરણ કળીયુગના અંતના થોડા જ વર્ષો પહેલા થયું હતું, જ્યારે સમગ્ર સૃષ્ટિ અજ્ઞાન અંધકારમાં હતી. આથી 'શિવ'નો સંબંધ 'રાત્રિ' સાથે જોડાયેલ છે અને પરમાત્મા શિવની રાત્રિએ પૂજાને વધુ મહત્વ આપવામાં આવે છે. શ્રી નારાયણ તથા શ્રી રામ વગેરે દેવતાઓનું પૂજન તો દિવસે થાય છે, કારણ કે શ્રી નારાયણ તથા શ્રી રામનો જન્મ અનુક્રમે સતયુગ તથા ત્રેતાયુગમાં થયો હતો. મંદિરોમાં દેવતાઓને રાત્રે સૂવડાવી દેવામાં આવે છે. પરંતુ પરમાત્મા શિવની પૂજા માટે તો ભક્ત લોકો સ્વયં પણ રાત્રે જાગરણ કરે છે.

આજે આ શિવરાત્રીના રહસ્યને ન જાણવાના કારણે ઘણા લોકો કહે છે કે 'શિવ' તમોગુણના આધાર અધિષ્ઠાતા છે. તેથી શિવની પૂજા રાત્રિના સમયે થાય છે અને તેની યાદમાં શિવરાત્રિ મનાવવામાં આવે છે, કારણ કે 'રાત્રિ' તમોગુણનું પ્રતીક છે. પરંતુ તેમની એ માન્યતા બિલકુલ ખોટી છે કારણ કે વાસ્તવમાં શિવ તમોગુણના અધિષ્ઠાતા નથી પરંતુ તમોગુણના સંહારક છે. જો શિવ તમોગુણના અધિષ્ઠાતા હોત તો તેમને શિવ અર્થાત કલ્યાણકારી, પાપકટેશ્વર કે પાપ મુક્તેશ્વર વગેરે કહેવું નિરર્થક બની જાત. 'શિવ'નો અર્થ છે. 'કલ્યાણકારી'. શિવનું કર્તવ્ય આત્માઓનું કલ્યાણ કરવાનું છે. જ્યારે તમોગુણનો અર્થ અકલ્યાણકારી થાય છે.

વાસ્તવમાં 'શિવરાત્રિ' એટલા માટે મનાવવામાં આવે છે કે પરમાત્મા શિવ કલ્પના અંતમાં અવતરિત થઈને અજ્ઞાનતા, દુઃખ તથા અશાંતિને સમાપ્ત કરી હતી.

મહાશિવરાત્રિનું આધ્યાત્મિક મહત્વ

મહાશિવરાત્રિ અંગે એક માન્યતા તો એ પણ છે કે આ રાત્રિએ પરમપિતા પરમાત્મા શિવે મહાસંહાર કરાવ્યો હતો. બીજી માન્યતા એ પણ છે કે રાત્રે એકલા ઈશ્વરે અંબા વગેરે શક્તિઓથી સંપન્ન બની રચનાનું કાર્ય શરૂ કર્યું હતું. પરંતુ પ્રશ્ન એ ઉઠે છે કે શિવ તો જ્યોતિર્લિંગમ્ તથા

અશરીરી છે. તેનો વિનાશ કેવી રીતે તથા કોના દ્વારા કરાવે ? તથા નવી દુનિયાની સ્થાપનાની સ્પષ્ટ રૂપરેખા શું છે ?

જ્યોતિસ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સતયુગી સતોપ્રધાન સૃષ્ટિની સ્થાપના અને શંકર દ્વારા કળિયુગી તમોપ્રધાન સૃષ્ટિનો મહાવિનાશ કરાવે છે. કળિયુગના અંતમાં બ્રહ્માના તનમાં પ્રવેશ કરીને તેમના મુખ દ્વારા જ્ઞાનગંગા વહેવડાવે છે. તેથી શિવને 'ગંગાધર' પણ કહે છે અને 'સુધાકર' અર્થાત્ જ્ઞાન અમૃત આપવાવાળા પણ કહે છે. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે માતાઓ તથા કન્યાઓ 'ગંગાધર' શિવની જ્ઞાન-ગંગામાં સ્નાન કરે છે અથવા જ્ઞાન અમૃતનું પાન કરે છે તેઓ જ શિવશક્તિઓ અથવા અંબા, સરસ્વતી વગેરે નામોથી પ્રખ્યાત થાય છે. આ ચૈતન્ય જ્ઞાનગંગાઓ અથવા બ્રહ્માની માનસપુત્રીઓ જ શિવનો આદેશ પ્રાપ્ત કરીને ભારતના જન-મનને શિવજ્ઞાન દ્વારા પાવન કરે છે. તેથી શિવ 'નારેશ્વર' અને 'પતિત પાવન' અથવા 'પાપકટેશ્વર' પણ કહેવાય છે, કારણ કે મનુષ્ય આત્માઓને શક્તિસ્વરૂપ નારીઓ અથવા માતાઓ દ્વારા જ્ઞાન આપીને પાવન કરે છે તથા તેમના વિકારો રૂપી વિષને પીને તેમનું કલ્યાણ કરે છે. તેમને સહજ રીતે મુક્તિ તથા જીવનમુક્તિનું વરદાન આપે છે. તેઓ તમામ મનુષ્યાત્માઓને શરીરથી મુક્ત કરીને શિવલોકમાં લઈ જાય છે. આથી તેઓ મુક્તેશ્વર પણ કહેવાય છે. આ બંને કાર્ય કળિયુગના અંતમાં અજ્ઞાન રૂપી રાત્રિના સમયે શિવ દ્વારા જ સંપન્ન થાય છે.

'શિવરાત્રિ' સમગ્ર સૃષ્ટિના તમામ મનુષ્યાત્માઓના પારલૌકિક પરમપિતા પરમાત્માના દિવ્ય જન્મનો દિવસ છે તથા બધાની મુક્તિ અને જીવનમુક્તિ રૂપી સર્વ શ્રેષ્ઠ પ્રાપ્તિની યાદ અપાવે છે. આ કારણથી શિવરાત્રિ તમામ જન્મોત્સવો અથવા જયંતીઓની સરખામણીએ સર્વોત્તમ છે, કારણ કે અન્ય તમામ જન્મોત્સવ તો મનુષ્યાત્માઓ અથવા દેવતાઓના જન્મ દિવસની યાદમાં મનાવવામાં આવે છે. જ્યારે શિવરાત્રિ મનુષ્યને દેવતા બનાવવાવાળા, દેવોના પણ દેવ ધર્મપિતાઓના પણ પિતા, સદ્ગતિ દાતા, પરમપ્રિય પરમપિતાના દિવ્ય અને પરમકલ્યાણકારી જન્મનો યાદગાર મહોત્સવ છે. તેને સમગ્ર સૃષ્ટિના સર્વ મનુષ્યોએ ખૂબ ઉમંગઉત્સાહથી મનાવવો જોઈએ. પરંતુ આજે મનુષ્યોને પરમપિતા પરમાત્મા શિવને નામરૂપથી ન્યારા ન માનવાને કારણે શિવજયંતીનું મહત્ત્વ ખૂબ ઓછું થઈ ગયું છે. ઘણાં લોકો ધર્મના નામે ઈર્ષ્યા અને લડાઈ કરે છે.

સાચી શિવરાત્રિ મનાવવાની રીત

ભક્ત લોકો શિવરાત્રિના દિવસે થતા ઉત્સવમાં આખી રાત જાગરણ કરે છે. તથા અન્ન પણ નથી ખાતા જેથી તેમના ઉપવાસથી ભગવાન શિવ પ્રસન્ન થાય. પરંતુ જ્યાં સુધી મનુષ્ય વિકારોનો ત્યાગ નથી કરતો ત્યાં સુધી તેની આત્માની ઉન્નતિ થઈ શકતી નથી તથા આશુતોષ ભગવાન શિવ પણ તેના ઉપર પ્રસન્ન થતા નથી. કારણ કે ભગવાન શિવ તો સ્વયં 'કામારી' (કામના શત્રુ) છે. તેઓ 'કામી' મનુષ્ય પર કેવી રીતે પ્રસન્ન થઈ શકે છે ? શિવરાત્રિ મહોત્સવ કળીયુગના અંતના એ વર્ષોનું પ્રતીક છે. જેમાં ભગવાન શિવે મનુષ્યોને જ્ઞાન દ્વારા પાવન બનાવીને કલ્યાણ યોગ્ય બનાવ્યા હતા. આમ તો શિવરાત્રિનું વ્રત આખું વર્ષ દરમિયાન મનાવવું જોઈએ કારણ કે વર્તમાન સંગમયુગમાં પરમાત્માનું

(અનુસંધાન પેજ નં. 12 પર)

જિંદગીની પરીક્ષા

બ્ર.કુ. નીતાબેન, પાટણ

જીવનની પાઠશાળામાં આપણે જ્યારે ધરતી પર આવ્યા ત્યારથી જ પરીક્ષા ચાલુ થઈ જાય છે. જે અંતિમ સમય સુધી ચાલુ જ રહે છે. બાળકના જન્મથી પરીક્ષા ચાલુ થાય છે. જે જીવનના અંત, મૃત્યુ પથારી સુધી પરીક્ષા ચાલુ જ રહે છે. અને જે-તે સમયે લેવાતી પરીક્ષાઓ આપવી જ પડે છે. તેમાંથી પાસ પણ થવું પડે છે. જીવનની દરેક પરીક્ષામાં પાસ થવું એ ફરજિયાત છે. ઘણા લોકો ખૂબ ખુશીથી પરીક્ષા આપતા રહે છે અને પાસ થતા રહે છે. કોઈ તો ખૂબ સારા માર્ક્સથી પાસ થાય છે. ઘણા લોકો પરીક્ષાઓ આપતા આપતા થાકી જાય છે. ઘણા લોકો જિંદગીની દરેક પરીક્ષામાં પાસ થવા માટે અથક પ્રયાસ કરે છે. ઘણા અઘરામાં અઘરી પરીક્ષાઓ પાસ કરે છે. કોઈ કોઈ તો જિંદગીની સહેલામાં સહેલી પરીક્ષામાં પણ ફેઈલ થઈ જાય છે ! ઘણા તો અડધું પેપર છોડીને પેપર હોલ છોડી ચાલ્યા જાય છે. ઘણાના જીવનનું પેપર સહેલું હોય પરંતુ એકાદ અઘરો પ્રશ્ન જોઈને ગભરાઈ જાય છે. તો ઘણાને જિંદગીના પેપર લખવામાં સમયની ઉણપ જણાય છે. ઘણા લોકો અઘરામાં અઘરો પેપર લખીને પણ સમય વધારે છે. હજુ પણ કદાચ જિંદગી કોઈ અઘરા પ્રશ્નો આપે તોપણ એમની પાસે પેપર લખવાનો સમય પણ છે અને આવડત પણ.

આપણે જોઈએ છીએ કે સ્કૂલ-કોલેજમાં લેવાતી પરીક્ષાઓમાં જે તે ધોરણમાં અભ્યાસ કરતા બાળકો માટે તે પરીક્ષા પાસ કરવી ફરજિયાત હોય છે. જ્યાં સુધી પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી આગળના ધોરણમાં જઈ શકતા નથી. સ્કૂલ-કોલેજની પરીક્ષાઓમાં ઘણા વિદ્યાર્થીઓ એવા પણ હોય છે કે જે ભણવામાં કાચા હોય પરંતુ બીજા ક્ષેત્રમાં આગળ જઈ શકે છે. વેપાર-ઉદ્યોગમાં ખૂબ આગળ જાય છે કેટલાય વૈજ્ઞાનિકો જેમને મંદ બુદ્ધિના કહી ભૂલમાંથી પણ પાછા મોકલી દેવામાં આવ્યા અને છતાં પણ એમણે પોતાના આત્મવિશ્વાસના કારણે ઘણી સફળતા મેળવી. થોમસ આલ્વા એડિસનને પણ લઈએ તેમને શિક્ષકે સ્કૂલમાં પણ આવવાની ના પાડી પરંતુ તેમની માતાએ તેને શિક્ષણ આપ્યું. અને એ જ થોમસ આલ્વા એડિસને બલ્બની શોધ કરી. ઘણા લોકો ભણવામાં ભલે કાચા હોય પરંતુ જિંદગી અટકી જતી નથી. વેપાર-ધંધામાં સેટ થઈને પણ ઘણાં ભણેલા કરતા પણ આગળ જતાં હોય છે. સ્કૂલની પરીક્ષામાં ભલે નાપાસ થાય પરંતુ જીવનની પરીક્ષામાં તેઓ ખૂબ સારા માર્ક્સથી પાસ થતા હોય છે. આપણી સામે એવા ઘણાં ઉદાહરણો છે કે જેમણે જીવનની પરીક્ષામાં ખૂબ સારા માર્ક્સ લાવીને બતાવ્યા છે. કોઈએ પણ ન મેળવ્યું હોય એવું રીઝલ્ટ લાવીને બતાવે છે. નવા-નવા આવિષ્કારો કરીને દુનિયાને ભેટ ધરે છે અને સાબિત કરી દે છે કે તે જિંદગીના પેપરમાં ફેઈલ થયો નથી. શાળા-કોલેજની પરીક્ષામાં તો તારીખ અને સમય નિશ્ચિત હોય છે જો પરીક્ષાની તૈયારી કરવી હોય તો કરી શકાય છે. તે પેપરમાં ઓપ્શન પણ હોય છે. જિંદગીની પરીક્ષામાં સમય નિશ્ચિત હોતો નથી. આપણે સદા તૈયાર રહેવું પડે છે. સ્કૂલની પરીક્ષા ગણતરીની હોય છે અને જિંદગીની પરીક્ષાની કોણપણ ગણતરી હોતી નથી. ડગલેને પગલે જિંદગી પરીક્ષા લેતી રહી છે. ગમે ત્યારે અને ગમે ત્યાં પણ પરીક્ષા લઈ શકે છે.

આપણે સદા જિંદગીના પેપર આપવા માટે તૈયાર રહેવું પડે છે. તે સિવાય કોઈ ઉપાય પણ હોતો નથી પરીક્ષાના ઓપ્શન હોય છે. એક્ઝામીનર ઓપ્શન જરૂર રાખે છે. દશ પ્રશ્નોમાંથી પાંચ લખવાના હોય. જેથી આપણે પસંદગી પણ કરી શકીએ છીએ. આવડતા પ્રશ્નો લખીને ખૂબ સારા માર્ક્સ લાવી શકીએ છીએ. જિંદગીના પેપરમાં આપણા એક્ઝામીનર કોઈપણ ઓપ્શન આપતા જ નથી કે આપણે ગમતા પ્રશ્નો લખીને જીવનની પરીક્ષામાં ખૂબ સારા માર્ક્સ લાવી શકીએ. જિંદગીની પરીક્ષામાં દરેક પેપરમાં લખેલા અઘરામાં અઘરા પ્રશ્નો પણ આપણે પાસ કરવા જ પડે છે. શાળા કોલેજની પરીક્ષામાં ઘણીવાર એક્ઝામીનર ખૂબ અઘરું પેપર કાઢ્યું હોય તો બધા જ વિદ્યાર્થીઓ ભેગા મળીને તેનો વિરોધ કરે તો એક્ઝામીનરને ફરીથી થોડુંક સરળ પેપર કાઢીને પરીક્ષા લેવાની હોય છે પરંતુ જિંદગીની પરીક્ષા લેતા પરીક્ષા નિયામકને આપણે ન તો ફરિયાદ કરી શકીએ છીએ આટલું અઘરું પેપર કેમ આપવામાં આવ્યું કે ન તેનો વિરોધ કરી શકે છે. આપણે તે પેપર પાસ કરવું જ પડે છે. સદા કોલેજની પરીક્ષામાં અભ્યાસક્રમની મર્યાદા હોય છે. જેટલો અભ્યાસક્રમ ચાલી ગયો હોય એમાંથી જ પ્રશ્નો પૂછવામાં આવે છે. અભ્યાસક્રમમાંથી પ્રશ્ન પૂછવામાં ના આવે તો પરીક્ષાનો વિરોધ કરવામાં આવે છે. જિંદગીના પેપરમાં અભ્યાસક્રમની કોઈ મર્યાદા નથી. કોમ્પિટિટિવ પરીક્ષાની જેમ ગમે ત્યાં ગમે ત્યારે ગમે તેવા પ્રશ્નો પણ પૂછી શકે છે. અઘરામાં અઘરા પ્રશ્નો પણ પાસ કરવા ફરજિયાત હોય છે. જીવન પણ અનુભવ સિવાયના રોજ નવા નવા પ્રશ્નો લઈને આપણી સામે પેપર ધરી દે છે અને આપણે હિંમત રાખીને એ પ્રશ્નોને પાસ કરવા જ પડે છે.

વર્તમાન સમયે અપાતી જુદી-જુદી પરીક્ષાઓમાં પણ અમુક લીમીટ હોય છે. જિંદગીની પરીક્ષામાં લીમીટ ફિક્સ નથી.

જિંદગીની પરીક્ષા ગજબની છે અભ્યાસક્રમને સમજીએ એ પહેલાં જ એ આવી જાય છે અને આપણે એ પેપરને પાસ કરવું જ પડે છે. સ્કૂલની પરીક્ષામાં લીમીટ હોય છે જેટલો અભ્યાસ કર્યો હોય તેટલી જ પરીક્ષા આવે. અભ્યાસક્રમ પૂરો કર્યા પછી પરીક્ષાનો ભાર ઓછો થઈ જાય છે. વિદ્યાર્થીઓ હળવાશનો અનુભવ કરે છે. કહેવાનો ભાવ એ પરીક્ષામાં વેકેશનનો આનંદ મળી શકે છે. કદાચ કોઈ એકસ્ટ્રા પરીક્ષા આપી હોય પણ પોતાની મરજીથી. જિંદગીની પરીક્ષામાં રોજ નવું પેપર હોય છે. જિંદગીની પરીક્ષામાં કશું નક્કી હોતું જ નથી. એક પેપરનું રીઝલ્ટ આવે તે પહેલા 10 નવા પેપર આપણા હાથમાં આવી જાય છે. જિંદગીની આટલી બધી અઘરી પરીક્ષાઓ આપતા ઘણા લોકો ખૂબ થાકી જાય છે અને અધવચ્ચે જ અંત આણે છે.

આપણી જિંદગીની પરીક્ષાની તૈયારી કરવાની ખૂબ જરૂર છે. એટલી બધી તૈયારી કરીએ કે જિંદગી ગમે તેટલા અઘરામાં અઘરા પ્રશ્નો પૂછે તો પણ આપણે સદા તૈયાર રહીએ અને જિંદગીના પેપર પાસ કરતા રહીએ.

પરીક્ષાની તૈયારીમાં ભણવાની સાથે જે પેનથી પરીક્ષા લખવાની હોય છે તે માટે આપણે ખૂબ સારી તૈયારી કરીએ છીએ. સારામાં સારી પેનનો ઉપયોગ કરીએ છીએ અને સાથે-સાથે બે ચાર પેનો પણ લઈ જઈએ છીએ. આપણે પોતાના માટે નહીં તો બાજુવાળાને પણ મદદ કરી શકીએ. જીવનની પરીક્ષામાં આપણે આવી કોઈ તૈયારી કરી શકતા નથી. આપણી પાસે જે કલમ છે તે જ કલમથી પેપર આપવું પડે છે. પછી તે કલમ ખૂબ

સારી ચાલતી ન પણ હોય તોપણ બદલી શકતા નથી. એક વાત એ પણ છે કે સારી કલમથી તો બધા જ સારો પેપર લખી શકે છે પરંતુ ખરાબમાં ખરાબ કલમથી પણ આપણે પેપર લખીને સારા માર્ક્સ લાવી શકીએ તે પ્રેરણા લેવા જેવી વાત છે.

શાળા-કોલેજમાં લેવાતી પરીક્ષાઓમાં એક જ ધોરણના અને એક જ વિષયના વિદ્યાર્થીઓ માટે પેપર એક જ હોય છે કદાચ કોઈ પ્રશ્નનો જવાબ આપણને ના આવડે તો બીજાની મદદ લઈને પણ પાસ થઈ શકીએ છીએ. પરંતુ જિંદગીની પરીક્ષાની વિચિત્રતા પણ કેવી અજબ છે. દરેકના હાથમાં રહેલું પેપર અલગ-અલગ છે અને દરેકને જવાબ પણ અલગ જ આપવાના રહેતા હોય છે. કોઈ આપણને મદદ કરી શકતું નથી. તેમ આપણે ના બીજા કોઈને મદદ કરી શકીએ એમ છીએ. જેના હાથમાં જે તે પેપર હોય એને તે પેપર પાસ કરવાનું જ રહે છે. જિંદગીની પરીક્ષામાં દરેક વ્યક્તિએ પોતે જ પોતાની પરીક્ષાને પાસ કરવાની રહે છે.

પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રીટેસ્ટની વ્યવસ્થા હોય છે. કોલેજમાં એટીકેટીની વ્યવસ્થા હોય છે. જેથી એકાદ પેપરમાં કે તેથી વધુ પેપરમાં નાપાસ હોઈએ તોપણ આગળના ધોરણમાં અભ્યાસ કરી શકીએ છીએ. આપણે આગળના ધોરણમાં ભણતા ભણતા નાપાસ થયેલા પેપરની પરીક્ષા આપી શકીએ છીએ.

જિંદગીની પરીક્ષામાં રીટેસ્ટની કોઈ જોગવાઈ જ હોતી નથી. પલપલ ઊંચી નવી પરીક્ષા લઈને નવો પેપર લઈને આપણી સામે સદા તૈયાર હોય છે.

પરીક્ષામાં અભ્યાસક્રમની મર્યાદા હોવાથી કોઈ કોપી કરીને પણ લઈ જઈ શકે છે. જોકે કોપી કરવી એ ગુનો છે. છતાં પણ ઘણા વિદ્યાર્થીઓ કોપી કરીને પણ પાસ થતા હોય છે. જો કોઈની નજરમાં આવે તો તેને દંડ થાય છે. જીવનની પરીક્ષામાં આપણે કોપી કરી શકતા નથી. કેટલાય મહાપુરુષોના સંઘર્ષમય જીવનથી પ્રેરણા લઈ અને કોપી કરી આગળ વધો એમ કહેવામાં આવે તોપણ આપણે કોપી પણ ઠીક કરી શકતા નથી કારણ પલપલ પેપર જ બદલાઈ જાય છે. માટે કોપી કરવાની છુટ્ટી હોવા છતાં પણ આપણે કોપી કરી શકતા નથી.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 14નું અનુસંધાન)... બંધન છોડો

ન હોય ત્યારે ગાઈડ શિવબાબાના માર્ગદર્શન પર ચાલો. શિવબાબા માતા છે, પિતા છે. નાવિક છે. નાવિક પણ પવન જોઈને શઢ વાપરે છે. આત્માએ પોતાની નાવ પોતે ચલાવવાની છે. બાબા તો માત્ર મદદ કરશે, નાવિક નાવ ચલાવતાં પહેલાં લંગર ઉઠાવી લે છે, બંધન છોડે છે. પવન જોઈ શઢ ફેરવી, પવન સાથે સંબંધ જોડી નાવને પેલે પાર લઈ જાય છે. બાબા ખેવૈયા છે. આત્માઓને ભવસાગર પાર કરાવવા અવતરિત થયા છે. પુરુષાર્થ તો આત્માએ જ કરવાનો છે. આત્માએ પણ સંગમયુગના સમયે તીવ્ર પુરુષાર્થ કરવા બાબા સાથે ફ્રેન્ડ, ફિલોસોફર, ગાઈડ, શિક્ષક, ગુરુ, માતા-પિતા, સખાના સંબંધે જોડાઈને સતયુગમાં ઉચ્ચ પદ મેળવવાનો પુરુષાર્થ કરવાનો છે. બાબાએ છેલ્લી મુરલીઓમાં સૂચવી દીધું છે કે પુરુષાર્થનો સમય ગયો હવે તો માત્ર તીવ્ર પુરુષાર્થનો જ સમય બચ્યો છે. બંધનમાંથી છૂટશો તો હલકા થશો. હલકા આત્મા (બોજમુક્ત) જ ઉડી શકશે. માટે જ બંધન છોડો સંબંધ જોડો.

॥ ઓમશાંતિ ॥

સફળતાની ચાવી - આત્મવિશ્વાસ

બ્ર.કુ. વિજય રાવત, ભાવનગર

આત્મવિશ્વાસ શબ્દથી સ્પષ્ટ થાય છે કે આત્મા પર વિશ્વાસ. ખુદ પર વિશ્વાસ, પોતાની શક્તિઓ પર વિશ્વાસ.

સફળતાનો મંત્ર છે - 'હું કરી શકું છું.' સફળતા મારો જન્મ સિદ્ધ અધિકાર છે. જ્યાં નકારાત્મક ચિંતનને અવકાશ નથી ત્યાં સફળતાનું આગમન છે. આત્મા પર સંપૂર્ણ વિશ્વાસ એટલે જ સફળતા. સકારાત્મક ચિંતન એટલે જ સફળતા. આત્મા એક ચૈતન્ય શક્તિ છે. સૂક્ષ્મ છે, છતાં આટલા મોટા શરીરનું સંચાલન કરે છે. દરેક કર્મેન્દ્રિયોને નિયંત્રણમાં રાખવાની શક્તિ આત્મા પાસે છે. આત્મામાં અનંત શક્તિઓ પડેલી છે. દરેક આત્માના એક પિતા શિવ પરમાત્મા પણ સૂક્ષ્મ છે. સર્વ શક્તિમાન છે. શક્તિઓના સાગર છે. હું પરમાત્માનું સંતાન છું. મારો જન્મ સફળતા માટે થયો છે. આવા સકારાત્મક ચિંતનથી કોઈ પણ કાર્યમાં સફળતા હાંસલ થાય છે. ખુદ પર અને ખુદા પર એટલો વિશ્વાસ રાખો કે હું સફળ થઈને જ રહીશ. તો એક દિવસ સફળતા તમારા ઘરના દ્વાર ખટખટાવશે.

આત્માની શક્તિઓને ઓળખો

આપણું શરીર જેમ પાંચ તત્ત્વોનું બનેલું છે. (વાયુ, જળ, પૃથ્વી, અગ્નિ અને આકાશ) તેમ આત્માના પણ સાત ગુણ છે. જ્ઞાન, પવિત્રતા, સુખ, શાંતિ, પ્રેમ, આનંદ અને શક્તિ આ સાત ગુણમાંથી એક પણ ગુણનો અભાવ વર્તાય છે ત્યારે આપણી અંદર નકારાત્મકતા આવે છે. નકારાત્મકતા એ અસફળતાનો પર્યાય છે. આત્માની શક્તિઓને ઓળખીને સ્વરૂપ બનવાથી, સાત ગુણોને ધારણ કરવાથી સફળતા આગળ-પાછળ આંટા મારશે. આજે આત્માના સાત ગુણોને દીવો લઈને શોધવાથી ક્યાંય દેખાતા નથી. ખુદ (આત્મા)ને ભૂલી ગયા. અને દેહ અભિમાનમાં આવી ગયા. રૂપનું, પદનું, હોદ્દાનું બિઝનેસનું વગેરે... દેહ અભિમાનથી આત્માની શક્તિ ક્ષીણ થતી ગઈ અને વ્યક્તિનું પતન થયું.

આત્મવિશ્વાસ કેવી રીતે કેળવીશું

માણસની અંદર એવી કેટલીયે શક્તિઓ છે જેનો વ્યક્તિ આજીવન તેનો ઉપયોગ નથી કરતો. આત્માની શક્તિઓને ઓળખીએ અને આત્મા પર પૂર્ણ વિશ્વાસ રાખીએ. આત્માના પિતા પરમાત્મા જે સર્વોચ્ચ શક્તિ છે તેની પાસેથી શક્તિ ભરીએ. અત્યારે આત્મરૂપી દીવો શક્તિહીન થવાથી સફળતાનો પંથ સ્પષ્ટ જોઈ શકાતો નથી. લાઈટ-હાઉસ, પાવર હાઉસ પરમપિતા શિવ પરમાત્મા સાથે મન-બુદ્ધિનું જોડાણ કરવાથી ઝળહળી ઉઠશે. આપણી મંઝિલ સુધી નિર્વિઘ્ન પહોંચી જઈશું. જ્યાં ચિંતા, ભય, કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર છે. ત્યાં પરાજય છે.

આત્મિક સ્મૃતિમાં સ્થિત થઈને કોઈ પણ કર્મ કરવામાં આવે છે ત્યારે તે કાર્ય ભૂલ રહિત અને ઝડપથી થાય છે. આત્મિક સ્મૃતિમાં સ્થિત થઈને કરેલા કર્મથી સુખ-શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે. કહેવાય છે કે નાનામાં નાના કાર્ય માટે મન, મગજ, દિલ અને આત્માને રેડી દો, આ છે સફળતાનું રહસ્ય.

જીવનકે યુદ્ધમેં હંમેશાં વહી નહીં જીતતા જો સબસે તાકતવર યા તેજ હોતા હૈ, બલ્કિ જલદી યા દેર સે જીતતા વહી હૈ જો સોચતા હૈ કિ વહ જીત સકતા હૈ. ॥ ઓમશાંતિ ॥

સફળતાનાં સોપાનો

બ્ર.કુ. વારિસભાઈ, ગાયત્રીનગર, રાજકોટ

આપણે જીવનમાં દરેક તબક્કામાંથી પસાર થઈએ છીએ. દરેક તબક્કામાંથી હાર-જીત તથા કંઈ નવું જ શીખવા મળતું રહે છે. દરેકમાં સફળતા મળે એ કહી ન શકાય પરંતુ નિષ્ફળતા પણ કંઈક શીખવી આગળ વધવા પ્રેરે છે. ક્યાં ભૂલ થઈ તેનો સ્વીકાર કરી, પરિવર્તન કરી, સફળતા તરફ આગળ વધી શકાય છે. ભૂલ કરો તેની ના નહીં. પણ ભૂલ કરતાં ક્યારેય ડરવું નહિ, કે નિષ્ફળતાથી હતાશ ન થવું. દરેકે ભૂલો આપણને અનુભવી બનાવશે. કહેવાય છે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે અનુભવી', આવા સફળતાના અનુભવો જાણીએ.

ખુશી

કહેવાય છે દરેક ખુશનસીબ નથી હોતા પરંતુ જે ખુશ રહે છે નસીબ તેની સાથે જ રહે છે. ખુશી દ્વારા મહેનત ઓછી અને પ્રાપ્તિ વધુ થાય છે. પરમાત્મા કહે છે કે 'ખુશી જૈસી ખુરાક નહીં.' સવારથી સાંજ સુધીમાં કેટલો સમય ખુશ રહીએ છીએ ? જેમ નાના બાળકનું એક સુંદર હાસ્ય અનેક લોકોને આનંદિત કરી દે છે એટલે જ તો નટખટ કાનુડો બધાને ગમે છે. તેમનું ચિત્ર જોતાં જ ચહેરો ખીલી જાય છે.

જ્યારે આપણે કાર્ય કરવા નીકળીએ છીએ તો આપણી ખુશીની સ્ટેજ ઊંચી હોવી જરૂરી છે. નહીં તો બીજાનો ચહેરો જોઈશું કે કોણ ખુશ છે. તેને જોઈને ખુશી પ્રાપ્ત કરું. આ આંખોથી દેખાય તે બધું સત્ય હોતું નથી. સત્ય હંમેશાં પડદા પાછળ છુપાયેલું હોય છે. જે સમય આવતાં પ્રત્યક્ષ થાય છે. ખુશ રહીને દરેક કાર્ય શરૂ કરવું જોઈએ. ઓફિસમાં મિત્રોમાં કે પરિવારમાં ખુશીથી કાર્ય કરવાથી પહાડ જેવું કાર્ય પણ રાઈનાં દાણા સમાન થઈ જશે. બસ એક હિંમતની જ જરૂર હોય છે આથી જ કહેવાયું છે કે...

'ખુશી કે લિયે કામ કરોગે તો ખુશી નહીં મિલેગી, લેકિન ખુશ હોકર કામ કરોંગે તો ખુશી ઓર સફલતા દોંનો હી મિલેગી.'

નિશ્ચય

વર્તમાન સમયમાં એટલે કે આજે આપણને જે કાર્ય કરવાનો સંકલ્પ આવે તેને તે જ ક્ષણે શરૂ કરવું જોઈએ. આ જ સમય શુભ હોય છે. સમય પસાર થતાં ચોઘડીયું બદલાય જાય છે. સમયની રાહ ન જોવી કેમ કે સમય કોઈની રાહ જોતો નથી. આ કાર્ય કરવા આપણી પાસે ઓછો સમય હોય તો કાર્યના ભાગ પાડીને વહેંચી નાખો. કાર્યને છૂટું પાડતાં શક્તિ ઓછી થઈ જશે અને આસાન થઈ જશે. તથા સર્વની વિશેષતા પણ તે કાર્યમાં લાગશે. આપણે સકારાત્મક વિચાર તરફ આગળ જઈએ તો અનેક નકારાત્મક બાબતો વચ્ચે આવે ખરી પરંતુ ક્યારેય સાંભળેલી વાતો પર વિશ્વાસ કરવો નહીં. સફળતા આપણાથી એક જ ડગલું આગળ હોય છે. પણ થાક અને આળસના કારણે સફળતા દૂર થતી જોવા મળે છે. આપણે હિંમતથી આગળ વધીએ સફળતા આપણા કદમ ચુંબશે. આપણો નિશ્ચય સ્વયં પર, પરિવાર પર, મિત્રોમાં તથા સંગઠન પર હોવો જ જોઈએ. નિશ્ચયથી વિજય છે.

જેમ કે ગામથી શહેર અંધારામાં જવા માટે કારની હેડ લાઈટ છેક શહેર સુધી પ્રકાશ ફેલાવી ન શકે પરંતુ નજીકના પ્રકાશથી કદમ-કદમમાં

થોડા-થોડા અંતર કાપવાથી શહેર સુધી પહોંચી શકાય છે. તેવી જ રીતે કોઈ પણ કાર્ય કે લક્ષ્ય પહેલા સફળ થવું ન પણ દેખાય છતાં એક-એક હિંમતનું કદમ આગળ વધતાં સફળતા મળી શકે છે. આપણે સ્વયં વિચાર, નિર્ણય, કાર્યશક્તિ પર વિશ્વાસ રાખી આગળ વધવું. મને આ વાક્યો ખૂબ જ પસંદ છે, કે...

'એક ઈચ્છાથી કાંઈ ન બદલાય, એક નિર્ણયથી થોડું બદલાય. પરંતુ, એક નિર્ણયથી બધું જ બદલાય.'

નિષ્ફળતા

કહેવાય છે નિષ્ફળતા એ જ સફળતાની ચાવી છે. સરળતાથી મળેલી સફળતામાં ખુશી મળતી નથી. પણ મહેનતથી મળેલી નિષ્ફળતા પણ સફળતા મળશે એવો ઈશારો આપે છે. આપણે એ જ કાર્યો કરતાં રહીશું. જેટલી આપણામાં ક્ષમતા છે તો પછી પરિણામ પણ તેટલું આવશે. ખાલી પાસ થવું અને સારા માર્ક્સ લઈ આવી પાસ થવું એમાં અંતર છે. તે કાર્યને કોઈ વિશેષ રીતે આપણે કરી શકીએ છીએ. એક કીડી પણ તેનાથી અનેક ગણો દાણાનો કણ ઉઠાવી લઈ જાય છે. આપણને મનમાં નિશ્ચય હોતો નથી કેમ કે આટલું સફળતાપૂર્વક કાર્ય આજ સુધીમાં કરવાનો મોકો જ મળ્યો નથી. એટલે પોતાની શક્તિની ખબર નથી. એક આશાપૂર્ણ કથન છે.

'જબ દુનિયા યહ કહતી હૈ હાર માન લો, તબ આશા ધીરે સે કાન મેં કહતી હૈ, એક બાર ફિર સે પ્રયાસ કરો.'

નવા-નવા પ્રયોગ કરીએ. અનુભવી બનીએ, કેમ કે વર્તમાન સમય પણ અનુભવી લોકોને પહેલાં પસંદ કરે છે. નિષ્ફળતામાંથી અનુભવ તેમજ સફળતામાંથી સંતુષ્ટતા મળશે.

સકારાત્મક વિચાર (સંકલ્પ)

એક વિચારથી આપણે વિશ્વ બદલી શકીએ છીએ. પણ આ સંકલ્પ દૃઢતા અને સકારાત્મકતા સાથે હોવો જરૂરી છે. 'વેસ્ટ થીંક ગો - બેસ્ટ થીંક એક્સેપ્ટ'. આપણે રોજ પરમાત્મા પાસેથી સારા અને શક્તિશાળી સંકલ્પો પ્રાપ્ત કરીએ કેમ કે ઈશ્વર જ્ઞાનના સાગર છે. રોજ સવારે જાગૃત થતાં જ પહેલી 10 મિનિટ આપણાં અર્ધજાગૃત મનને સકારાત્મક વિચારોથી ભરી લઈએ જેમ કે...

- સફળતા આત્માનો જન્મસિદ્ધ અધિકાર છે.
- મુજ આત્માની યાદશક્તિ તીવ્ર છે.
- હું સર્વ શક્તિવાનનું સંતાન માસ્ટર સર્વ શક્તિવાન આત્મા છું.
- હું બુદ્ધિમાન આત્મા છું, હોંશિયાર આત્મા છું.
- હું સફળતામૂર્ત આત્મા છું.

જેવાં સારા સંકલ્પોનો પ્રયોગ કરીએ. એક શક્તિશાળી સકારાત્મક વિચાર અનેક નકારાત્મક વિચારોને પરિવર્તન કરી શકે છે. જેમ કે એક અગરબત્તીની સુગંધ વાયુમંડળને સુગંધિત - આનંદમય કરી દે છે. આપણે વાયુમંડળમાં આવતા નથી પણ બદલી શકીએ છીએ.

આપણામાં અનંતશક્તિઓ છે તેને દરેક કાર્યમાં સહયોગ કરીએ. છીપાવી કે દબાવી ન રાખીએ કે સંગ્રહ ન કરીએ. સફળ કરીએ અને સફળતા મેળવીએ. સહયોગ આપીએ, સહયોગ લઈએ. સફળતા આપણી જ છે તેને મેળવી ને જ રહીએ અંતે એટલું જ કહીશ કે

'ઈન્સાન કો કભી હિંમત નહીં હારની ચાહિએ, ક્યોંકિ પહાડોં સે નીકળી હુઈ નદીને આજ તક કિસીસે પૂછા નહીં કિ સમુંદર કિતના દૂર હૈ.' Be Positive in Life

જીવનના દરેક તબક્કામાં સમયની સાથે આગળ વધતાં-વધતાં આપણી પળે-પળની મહેનતનું ફળ મળે એ આશ હોય છે. મહેનત કર્યા બાદ સફળતા ઓછી મળી એવું લાગે તો સમજવું. આપણા પુરુષાર્થમાં બધું જ કર્યા હોવા છતાં કંઈક રહી ગયું છે. અથવા મોટી-મોટી બાબતોને આવરી લીધી હોય છતાં નાની પણ અગત્યની બાબત ચૂકાઈ ગઈ હોય છે, તો આવી જીવનને લગતી મહત્ત્વની વાતોને જાણીએ.

દૃઢતા

દૃઢતા એટલે કોઈ પણ નાનું કે મોટું કાર્ય એકાગ્રતાથી સંપૂર્ણ શક્તિનો પ્રયોગ કરી સફળતા મેળવવી. દૃઢતા નિશ્ચિંતતા દર્શાવે છે. કોઈ ચોક્કસ સમયની સાથે સંપૂર્ણ સફળતાપૂર્વકનું કાર્ય એટલે દૃઢતા. આપણા જીવનમાં સ્વયંના અમુક નિશ્ચિત નિયમો ધારણ કરેલા હોય છે, જેમાં આપણો દૃઢ નિશ્ચય હોય છે અને આ દૃઢતા ધીરે-ધીરે સંસ્કાર બની જાય છે. પહેલી વખત કોઈ કાર્ય અઘરું લાગે કેમ કે અનુભવ નથી પરંતુ શરૂઆત છે. ધીમે-ધીમે એ જ કાર્ય સરળ અને સહજ થતું જશે. જેમ કે વહેલી સવારે ઉઠવામાં થોડાક દિવસો કઠિન લાગે પછી તો નેચરલ સંસ્કાર થઈ જતા હોય છે. દૃઢતા અને નિયમિતતા સાથે થાય છે. આ બન્ને ગુણો હોવા જરૂરી છે. દૃઢતાથી કરેલા સંકલ્પને પૂરો કરવા કોઈનો સાથ ન પણ મળે, વિઘ્ન આવે છતાં થોભી જવું નહિ. સમય આવતાં પરિણામ દેખાશે. જરૂર સમયની સાથે વિશ્વ બદલાય છે. પ્રકૃતિ, લોકો, આપણી દૃઢતાથી પરિવર્તન થતા જોવા મળે છે. કોઈ પણ સંકલ્પમાં દૃઢતા રાખવાથી સહયોગનો હાથ અને સાથ મળી જ જતાં હોય છે. પરિવર્તનનું ડગલું આપણું અને સહયોગની સર્વની આંગળી. એકવાર કરવાથી નહીં થાય પરંતુ નિરંતર અભ્યાસ કરવાથી સહજ બની જશે.

ફાયદાઓ

સૌ પ્રથમ સ્વ-પરિવર્તન આવે છે.

- કોઈ પણ કાર્ય કરવામાં શક્તિ પ્રદાન થાય છે. આપણી એક દૃઢતાનો સંકલ્પ અનેક આત્માઓને નવીનતાની રાહ આપે છે.
- સર્વને આગળ વધવામાં સહયોગ થાય છે.
- અઘરું કાર્ય હોવા છતાં બહુકાળના અભ્યાસથી સરળ થઈ જાય છે.
- દૃઢતાથી સમય અને શક્તિને દિશા મળવાથી તેનો સદુપયોગ થાય છે.
- એક બાબતમાં દૃઢતા રાખવાથી સર્વને નિશ્ચિંતતાનો અનુભવ થતાં દૂઆઓને પાત્ર બનીએ છીએ.
- દૃઢતા રાખવાથી સંસ્કાર બને છે.
- દૃઢતાથી ભાગ્યનું નિર્માણ કરી શકાય છે.

દૃઢતાથી કાર્યમાં સફળતા

સવારથી લઈ સાંજ સુધીનાં કાર્યનો નિયમિતપૂર્વક ચાર્ટ હોવો જરૂરી છે. બુદ્ધિમાં સ્વયંની દિનચર્યા સેટ થયેલી હોવી જોઈએ. વ્યસ્ત રહીશું તો સમયનો કાર્યમાં સદુપયોગ થશે. મન-બુદ્ધિને કોઈ એક સંકલ્પમાં એકાગ્ર કરો પછી સ્વયંની સર્વ શક્તિઓને તેનાં કાર્યમાં લગાવી દો. કાર્ય હંમેશા વિધિપૂર્વક શરૂ કરવું જોઈએ કેમ કે વિધિથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ કાર્ય કરવા ચોક્કસ સમય નિશ્ચિત કરો અને સ્વ-સ્થિતિ લાઈટ (હળવી) રાખવી. પરંતુ અલબેલાપન નહીં.

સફળતાની નજીક જવા બે બાબતો ધ્યાનમાં રાખવી, નિમિત્તભાવ અને નિર્માણ ચિત્ત. વિશ્વ સ્ટેજ પર આપણને મળેલો રોલ નિમિત્ત બનીને કરીએ. જેથી હલ્કાપણું અનુભવ થશે. જ્યાં પણ કોઈ કાર્યની મદદની જરૂર છે. તે કાર્ય પૂરું કરવા હું

નિમિત્ત બનું છું. નિમિત્ત ભાવથી કાર્ય કરવામાં બોજો લાગતો નથી, જવાબદારી હોય છે. પરંતુ હળવી લાગે છે. આપણામાં રહેલી વિશેષતાનો ઉપયોગ થાય છે. જેમ કોઈ મશીનરીમાં એક સ્ક્રૂ ન હોવાથી મશીન ચાલુ ન થાય તેમ કાર્યમાં આપણી વિશેષતા સ્ક્રૂનું કામ કરે છે. વિશેષતા એ પ્રભુપ્રસાદ છે. જે સૌને આપીએ અને સંતુષ્ટ કરીએ. બીજું છે. નિર્માણચિત્ત. રોજ કાર્ય કરતાં કરતાં તેમાં કંઈક નવીનતા જરૂરી છે. આપણે જે દૃઢ સંકલ્પ કર્યો છે. તેમાં નવીનતા સાથે-સાથે નિર્માણ કરતું જવું કેમ કે એક દિવસ બીજા દિવસ સાથે સરખો હોતો નથી. નવો દિવસ, નવો વિચાર, નવી પ્રવૃત્તિ, નવી સ્થિતિ, નવું પરિવર્તન. જેમ કોઈ ઈમારતનું નિર્માણ કરવા માટે પાયાની મજબૂતાઈ તથા પાયાથી જ શરૂઆત કરવી પડે છે. તેમ કાર્યની સફળતા માટે શરૂઆત હંમેશ વિધિપૂર્વક કરવી જોઈએ. મનથી, વાણીથી અને કર્મથી નિર્માણચિત્ત બની જવું. કોઈ મોટા કાર્યની સફળતા માટે નાની-નાની પણ અગત્યની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. નિર્માણતા એ એવી વિશેષતા છે જે વિશેષતા કોઈએ કરી હોય એ કાર્ય કરવાનો અનુભવ આપણામાં સહજભાવે હોય છે. દિવ્યબુદ્ધિ અને એકાગ્રતાથી નિર્માણ કરી શકાય છે. નિર્માણચિત્ત વ્યક્તિ એકાગ્રચિત્ત હોય છે, જેમ કે નાનું બાળક ચિત્રકલા, સંગીત અને નૃત્ય કલા દ્વારા એકાગ્રતાની શક્તિમાં વધારો કરી શકે છે.

સમયની સાથે દૃઢતા

સમયથી અમૂલ્ય ચીજ બીજું કાંઈ નથી. કે જે એકવાર જતાં પાછો મળતો નથી. સમય પણ ભાગ્યથી મળે છે. આપણે કહેતા હોઈએ છીએ કે મારી પાસે સમય નથી. સમય તો મળે છે પણ ત્યારે શું કરવું એ નક્કી હોતું નથી એટલે ચાલ્યો જાય છે. બુદ્ધિની ડબ્બીમાં એ વાત નોંધી રાખો કે જ્યારે સમય મળશે ત્યારે હું આ કાર્ય કરીશ. વ્યર્થ, આળસ અને વાયુમંડળના પ્રભાવથી આપણે કીમતી સમય પસાર ન થાય તેનું ધ્યાન રાખવું. કોઈ પણ કાર્યની સંમ્પન્નતા માટે તેમનો નિશ્ચિત સમય જરૂરી છે. કહેવાય છે સંબંધ-સંપર્કમાં અને સ્વસ્થિતિમાં લાઈટ (હળવા) રહો પરંતુ દિનચર્યામાં નહિ. એક જ સમયે કોઈ સંકલ્પ વારંવાર કરવાથી સફળતાને મજબૂતાઈ મળે છે. ભલે શરૂઆત કોઈ નાનકડા સંકલ્પથી કરીએ પરંતુ તેમાં નિયમિતતા જરૂરી છે. આજના દિવસનો કાર્યભાર સેટ કરો. પછી અઠવાડિયાનો, મહિનાના, વરસનો વગેરે... સમય બચે ત્યારે અધૂરું કાર્ય પૂરું કરીએ. સ્વયં ઘડિયાળના સેકંડના કાંટાની જેમ સાથે-સાથે ચાલીએ તો ઝડપથી, ઓછા સમયે સફળતાના શિખરે પહોંચી શકીએ છીએ.

આપણે એડવાન્સ નંબર લેવો છે તો કાલનું કાર્ય આજે સંપન્ન કરવું આ રહસ્ય છે.

નિયમિતતાના ગુણથી, અઘરું કાર્ય પણ સરળ થઈ જાય છે. રોજબરોજની નિયમિતતા જોઈ સર્વ સહયોગનો હાથ જરૂર આપશે. 'મને જોઈ સર્વ અનુસરશે' સમયને સફળ કરીશું તો અવશ્ય ફળ મળશે જ. તે માટે તમારા હાથમાં વર્તમાન છે જે કોઈ છીનવી નથી શકતું. ભવિષ્યનું પરિવર્તન કરવા માટે વર્તમાનનું પરિવર્તન કરો. એટલે જ એક કવિની પંક્તિ યાદ આવે છે કે...

'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલ મેં સમય બીત જાયેગા, ફિર કરેંગે કબ.

... તો ચાલો આપણા જીવનમાં સફળતાને આમંત્રણ આપતી બાબતોને ધ્યાનમાં રાખીએ એ સાથે...

॥ ઓમશાંતિ ॥

દુઆઓ-બદ્દુઆઓ

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

દુઆઓ એટલે શુભ ભાવનાઓ, શુભ કામનાઓ, આશીર્વાદ, Blessing, સકાશ, બદ્દ દુઆઓ એટલે અશુભ ભાવનાઓ અને અશુભ કામનાઓ. બદ્ દુઆઓને શાપ પણ કહેવામાં આવે છે. મનસા, વાચા, કર્મણા કોઈને પણ બદ્ દુઆઓ આપવી નહીં કારણ કે બદ્ દુઆઓ આપવી એ કંઈ પુણ્યનું કામ નથી, પાપનું કામ છે. જો પુણ્યનું ખાતું જમા કરવું હોય તો સર્વને દુઆઓ આપતા જાવ કહેવાય છે કે દુશ્મનને પણ દુઆઓ આપવી. કોઈની પણ નિંદા કરવી, ઈર્ષ્યા કરવી, ઘૃણા કરવી, અન્યનું અહિત થાય તે રીતે જૂઠું બોલવું, કોઈની વસ્તુ કે ચીજ ચોરી લેવી, શારીરિક હિંસાત્મક વલણ, શારીરિક શિક્ષા, માનસિક ત્રાસ, કોઈના હકનું ઝૂંટવી લેવું વગેરે બદ્ દુઆઓ પ્રાપ્ત કરવાના વંશવેલાઓ છે કે જેનાથી પાપની ગઠરી મોટી બને છે. આજે કોઈને આપેલી દુઆઓ તેની પાકતી મુદતે ગમે ત્યારે તેના Returnમાં આડકતરી રીતે કોઈ પણ સ્વરૂપે આપણને સુખ પ્રાપ્ત થાય છે. તેનાથી ઉલ્ટું આજે કોઈને આપેલી બદ્ દુઆઓ તેની પાકતી મુદતે ગમે ત્યારે તેના Returnમાં આડકતરી રીતે કોઈ પણ સ્વરૂપે આપણને દુ:ખ પ્રાપ્ત થાય છે. જીવનમાં આવતી સમસ્યાઓ, શારીરિક બીમારીઓ એ જાણતા અજાણતા ભૂતકાળમાં કોઈને આપેલી બદ્ દુઆઓનું પરિણામ છે. આઘાત અને પ્રત્યાઘાત એ સામસામે અને સરખા હોય છે. કોઈના તરફથી આપણને મળેલી બદ્ દુઆઓ પણ દુ:ખનું કારણ બને છે. દુઆઓ આપશો તો દુઆઓ મળશે. બદ્ દુઆઓ આપશો તો બદ્ દુઆઓ મળશે. પરંતુ બાબાએ આપણને કંઈક વિશેષ સકારાત્મક વાત કરી છે. બાબા કહે છે કે અજ્ઞાની આત્મા આપણને કોઈ બદ્ દુઆઓ આપે તો આપણે તેને દુઆઓ આપવાની છે. દુઆઓ આપીએ અને દુઆઓ મળે એ કંઈ મોટી વાત નથી પરંતુ દુઆઓ આપવાં છતાં પણ જો બદ્ દુઆઓ મળે અને છતાં પણ આપણે તેને દુઆઓ આપીએ તે સવિશેષ તેમજ પ્રશંસનીય બાબત કહેવાય. દુઆઓનું બીજું નામ એટલે શુભ ભાવના, શુભ કામના. આપણા પ્રત્યે જે કોઈ અશુભ ભાવના રાખે તેના પ્રત્યે પણ શુભ ભાવના રાખવી તેના જેવું પુણ્ય કાર્ય કોઈ નથી. કોઈ પણ સતકર્મ દુઆઓની અપેક્ષાથી કરવું નહિ. નિમિત્ત ભાવથી સતકર્મ કરવામાં આવે તો જ તે સતકર્મનું પરિણામ પુણ્યના ખાતામાં જમા થાય છે. 'હું કરું, હું કરું.' 'મેં કર્યું, મેં કર્યું' તે કર્મનું પરિણામ પુણ્યના ખાતામાં 50% જમા થાય છે પછી ભલે તે કર્મ સતકર્મ હોય ! દુઆઓ આપવી અને દુઆઓ લેવી તે સ્વનો પુરુષાર્થ છે. પુરુષાર્થ કરીએ પરંતુ નિમિત્ત, નિસ્વાર્થ તેમજ નિષ્કામ ભાવથી પુરુષાર્થ કરીએ. દુઆઓ આપવા માટે કે દુઆઓ પ્રાપ્ત કરવા માટે નિમિત્ત તેમજ નિર્માણચિત બનીએ.

દિલથી પ્રાપ્ત થયેલી દુઆઓ કે દિલથી આપેલી દુઆઓથી જ Positive પરિણામ પ્રાપ્ત થાય છે. દિમાગથી પ્રાપ્ત થયેલી દુઆઓ કે દિમાગથી આપેલી દુઆઓથી Negative પરિણામ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે કમજોર દુઆઓથી સફળતા પ્રાપ્ત થતી નથી પછી તે દુઆઓ અન્ય તરફથી પ્રાપ્ત થતી હોય કે દુઆઓ અન્યને આપવાની હોય. દુઆઓ Powerful હોવી જોઈએ. સર્વ પ્રકારની શક્તિઓથી ભરપૂર હોવી જોઈએ તો

જ તેનું સકારાત્મક પરિણામ મળે છે પછી તે REIKI હોય કે સકાશ હોય. (સકાશ ભગવાનની અમર્યાદિત શક્તિ છે જે તમામ પ્રાપ્તિઓના આશીર્વાદથી ભરપૂર છે.) સકાશનો મૂળ સ્રોત પરમધામ સ્થિત પરમ પ્રિય પરમ પિતા પરમાત્મા શિવબાબા છે. સકાશ એટલે પરમધામ નિવાસી પરમ જ્યોતિર્બિંદુ સ્વરૂપ પરમ પ્રિય પરમ પિતા પરમાત્મા શિવબાબામાંથી નીકળતાં લાઈટ-માઈટથી ભરપૂર સૂક્ષ્મ કિરણો આત્મામાં સમાવીએ તો જ અન્ય આત્માને આપવામાં આવતી શક્તિશાળી દુઆઓ સકારાત્મક પરિણામલક્ષી બને છે. દુઆઓમાં પણ તાકાત જોઈએ ને ! કમજોર દુઆઓ આપવાથી પરિણામ પ્રાપ્ત થતું નથી તો ઉપરોક્ત વિધિથી દુઆઓમાં એટલે કે શુભભાવના તેમજ શુભકામનાઓમાં એટલે કે આશીર્વાદ-વરદાનોમાં શક્તિ ભરી શકાય છે અને તો જ દુઆઓ શુભભાવનાઓ, શુભકામનાઓ, આશીર્વાદ-વરદાનો ફળીભૂત થાય છે.

દુઆઓ દવા કરતાં પણ વધુ અસરકારક નીવડે છે. કોઈને પણ બદ્ દુઆઓ આપવાથી આપણું કલ્યાણ થતું નથી. ઉલ્ટું આપણું જ અકલ્યાણ જ થતું હોય છે. જો આપણે સ્વયંનું કલ્યાણ ઈચ્છતા હોઈએ તો વિશ્વના સર્વ આત્માઓને દુઆઓ જ આપતા જાવ. જેવી રીતે એક બાપને ચાર દીકરા હોય અને સૌથી મોટો દીકરો નાના દીકરાને બદ્ દુઆ આપે તો બાપને ગમે ? તેવી રીતે વિશ્વના સર્વ આત્માઓના પિતા પરમાત્મા એક જ છે અને કોઈ આત્મા કોઈ પણ આત્માને બદ્ દુઆઓ આપે તો સર્વ આત્માઓના પિતા પરમાત્માને ગમે ખરું ? સકાશી આત્મા કે તીવ્ર પુરુષાર્થી બ્રાહ્મણ આત્માની દુઆઓ કે બદ્ દુઆઓની તીવ્રતા શક્તિશાળી હોય છે. તેથી સકાશી બ્રાહ્મણ આત્માએ કે તીવ્ર પુરુષાર્થી બ્રાહ્મણ આત્માએ જાણે અજાણે કોઈને પણ મનસાથી પણ બદ્ દુઆઓ આપવી જોઈએ નહીં. આ પ્રકારના આત્માઓની જાણે અજાણે બદ્ દુઆઓ આપવાના કારણે જે આત્મા તનથી કે મનથી કે ધનથી કે જનથી દુઃખી થતા હોય ત્યારે જો તેના મુખમાંથી કે મનમાંથી નીકળતી બદ્ દુઆઓની તીવ્રતા ડબ્બલ થઈ પ્રત્યાઘાત રૂપે Return થાય તો આઘાત રૂપે જે આત્માએ બદ્ દુઆઓ આપી તે આત્મા ડબ્બલ દુઃખી થતો હોય છે. બદ્ દુઆઓ આપવી એ વિકર્મ છે, સતકર્મ નથી. બદ્ દુઆઓ આપવી એ શૂદ્રત્વના સંસ્કાર છે.

શાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબ ઋષિ મુનિઓ જ્યારે કોપાયમાન થતાં અને જ્યારે શાપ આપતા ત્યારે તે શાપ તેને લાગ્યા વગર રહેતો નહિ. જેમ કે દુર્વાસા મુનિ શાસ્ત્રોક્ત મુજબ તેઓ ગુસ્સાવાલા ઋષિ મુનિ હતાં. ઋષિ મુનિ એટલે પવિત્ર આત્મા. પરંતુ તે હદના પવિત્ર આત્મા કહેવાય. જ્યારે બાબાએ આપણને રાજઋષિ કહ્યા છે. રાજઋષિ અર્થાત્ સદગતિ પ્રાપ્ત કરનાર બેહદના પવિત્ર આત્મા. જે કોઈને સૂક્ષ્મમાં પણ બદ્ દુઆઓ આપે તેને રાજઋષિ કહેવાય નહિ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 28નું અનુસંધાન)...માંસાહાર કરવો

શ્રી કૃષ્ણ, મહાવીર, મહાત્મા બુદ્ધ, ગુરુનાનકદેવ, કબીર, ગાંધીજી, ઈસા - મુહમ્મદ આદિએ પ્રાણી માત્ર સાથે પ્રેમ કરવાનું સૂચન કર્યું છે. પ્રાણીમાત્રને પ્રેમ કરવાનો સંદેશ આપ્યો છે જેથી સમય પ્રમાણે જેટલું બને તેટલું જલદી જલદી આ ઘોર પાપથી મુક્ત થઈ, આ હત્યા કરી માંસાહારી બનવાના પાપમય વાતાવરણથી શુદ્ધ થઈ સાત્વિક વૃત્તિથી અગ્રેસર થઈ જવું જોઈએ.

॥ ઓમશાંતિ ॥

અનુ. બ્ર.કુ. અનુબેન, રાજુલા

માંસાહાર કરવો અને કરાવવો બંને મહાપાપ છે.

બ્ર.કુ. શિવશરણ (બિલાસપુર)

અગ્નિ ઉપર જ્યારે ફળ, ફૂલ, અનાજ, દૂધ, દહી, ઘી, તેલ, જળ, જડી-બુટ્ટી પધરાવવામાં આવે તો યજ્ઞ બની જાય છે અને તે જ પ્રકારે અગ્નિ પર મૂર્દા, હાડકા, માંસ કે મરેલ જીવને રાખવામાં આવે તો ચિતા બની જાય છે. ભૂખ લાગવાનો અર્થ થાય છે કે જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ છે. આ અગ્નિમાં જે મૂકવામાં આવે તે અનુસાર તેનું પરિણામ આવે છે. જો શુદ્ધ-સાત્વિક ભોજન અર્પિએ તો તે યજ્ઞ બને અને તેમા ઈંડા, માંસ, માછલી, ચિકન વગેરે નાખીએ તો ચિતા બને. યજ્ઞથી દેવવૃતિ જાગૃત થાય છે અને આવા પ્રકારની તામસિક ચિતાથી દાનવીય વૃતિ જાગૃત થાય છે.

ભારતની સનાતન સંસ્કૃતિમાં ભોજનને પ્રસાદના રૂપમાં માનવામાં આવેલ છે તથા ગ્રહણ કરવામાં આવે છે જેથી બધા ધાર્મિક સ્થળોમાં ભોજનપ્રથાનો મહિમા વધુ છે. પ્રથમ રોટલી ગાયને અને છેલ્લી રોટલી કૂતરાને ખવડાવીને આ પ્રથાને ઉત્તેજન આપ્યું છે. આ પરંપરા પાછળ ભાવના છે કે સંસારમાં બધા જ પ્રકારના પ્રાણી જળચર, ભૂચર, ખેચરને જીવવાનો પૂરો અધિકાર છે.

ઈશ્વરે મનુષ્યને પ્રાણીઓની સાપેક્ષમાં વિશેષ વિભૂતિઓ આપીને પોતાનો સહાયક બનાવ્યો છે. તેને સંપૂર્ણ સૃષ્ટિની દેખભાળ કરવાની તથા સમસ્ત પ્રાણીજનની પણ રક્ષા કરવાની જવાબદારી સોંપી છે. પંરતુ મોટી મુશ્કેલી છે કે તે રક્ષકની જગ્યાએ ભક્ષક બનીગયો છે.

અરે... ક્યાંક તો સ્વાદના નામથી ક્યાંક તો પ્રોટીનના નામથી વિટામિનના નામથી તો ક્યાંક ધર્મને ભેળવી દઈ મૂંગા અબોલ પ્રાણીની કતલ કરી, તેને આરોગવામાં મજા લઈ રહ્યા છે. એકતો પોતાને ઈશ્વર પુત્ર, ભક્ત માને, બીજી બાજુથી તેની જીવરચનાની કતલ કરી નિર્દયતા આચરે, આ કેવી વિરોધાભાસી વાતો છે. તેના પર જરા વિચાર કરવાની જરૂર છે. વેદવ્યાસના મત મુજબ - 'પરોપકારમાં પુણ્યાય, પાપાય પરપિડનેન'

તુલસીદાસના મત મુજબ - 'પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ, પરપીડા સમ નહિ અધ માઈ, સાક્ષાત નર પિશાચ.'

જરા કલ્પના કરીએ એક કાંટો જ્યારે શરીરમાં વાગે તો કેટલી પીડા થાય છે ? તો પછી આ પ્રાણીની હાલત શું થતી હશે કે જેને જીવતે જીવ કાપવામાં બીજા મજા લઈ રહ્યા છે.

શુ દેવી આવી હિંસક વૃત્તિને પ્રોત્સાહન આપતી હોય છે ? જ્યારે કોઈ પ્રાણીને મારવામાં આવે ત્યારે તેના આંસુ, ડર, ભય, પ્રાણોની ભીખ માંગે. દયા, યાચના કરે, રાડ પાડે, રુદન કરે, આક્રંદ કરે, પોકારે, સંઘર્ષ કરે, મળ-મૂત્રનો ડરીને ત્યાગ કરે, આંખ લાલ થાય, મુખમાંથી ફીણ નીકળે, ડરથી તેમાં લોહીમાં જુદા પ્રકારનું વાયરસ ઉત્પન્ન થાય તે શરીરમાં પ્રસરી જાય, નિર્દય માનવ કાપવામાં મશગુલ થઈ જાય. પશુને મોતને ઘાટ ઉતારે, કાંતો પૂજા સમજે, બલી સમજે કાંતો ધંધો. આ કેવી પિશાચી વૃત્તિ છે. ખરેખર આ પ્રકારનું કાર્ય કરનાર માનવ નહીં નર સાક્ષાત પિશાચ. કહેવાયું છે કે બધા કર્મ સહયોગથી જ થાય છે. પછી તે - ભોજન કરે, વેચે, મારે, પકાવે, પીરસે બધા જ કામમાં સહયોગી બને તે પાપના કામમાં સહયોગી. તેની કમાણી વાપરે તે પણ તેટલો જ સહયોગી. બધાની આ મહાપાપમાં ભાગીદારી. કોઈ લોકો તર્ક કરે આ ખાતા નથી

માત્ર વેપાર કરીએ છીએ તેથી પાપી નથી. આ કાર્ય માત્ર કહેવા પૂરતું જ છે. દરેકનો હાથ સહયોગ - ભાગીદારી, જે પોતે ખાતા નથી પણ બીજાને ખવડાવવામાં એટલા અગ્રેસર રહે તે પણ પાપી છે જ, દોષી છે જ. વિજ્ઞાને સંશોધન કર્યું કે કતલખાના તથા માંસાહારી હોટલોમાં કામ કરનાર અથવા તેની આસપાસ રહેનારને અમુક પ્રકારના રોગની સંભાવના 30 થી 40 ટકા દર વધુ છે. જેના શરીરમાં કાયમ - મન અશાંત, ભાવનાઓ કુંઠીત, ક્રિયા કલાપ નિષ્ઠુર સ્તરના હોય છે. તેઓની બુદ્ધિ ભ્રમિત હોય છે. સ્વભાવ ચીડિયો હોય છે. તે વાતવાતમાં મરવું મારવાનો જ સ્વભાવ ધરાવે છે. તેના સ્વભાવ, સંબંધ, દોસ્તીમાં વારંવાર ઓટ આવતા રહે છે. જીવન વારંવાર તાણમાં અને અવઢવમાં ગ્રસ્ત રહે છે. તપ્ત રહે છે.

જીવોના માંસની સાથે નકારાત્મક ઉર્જા તથા ઝેરી તત્ત્વો ઉત્પન્ન થતા હોવાથી જીવન અનેક વ્યાધિનો શિકાર થતું રહે છે. એક રેકોર્ડ પ્રમાણે પાંચ લાખ લોકો પ્રતિવર્ષ માંસાહારથી અપમૃત્યુ, અકાળે મૃત્યુના શિકાર બને છે. માનવનું શરીર શુદ્ધ સાત્વિક ભોજન માટે બનેલ છે. હિંસક પશુ-પ્રાણીઓના દાંત, ચાંચ નખ તે પ્રમાણેથી બનેલ છે. તે પાણીને પણ જીભથી ચાટીને પીવે છે. શાસ્ત્રોમાં મનુષ્યોનું ભોજન પત્ર, પુષ્પ, ફળ, પાણીને બતાવીને ઋષિઓનાં સંતાન બતાવ્યાં છે. પછી તે આવું તામસિક અન્ન આરોગવું કેટલું ઉચિત છે ? જો માનવને વાનરનું વિકસિત રૂપ માનતા હોય તો શાકાહારી વાનરથી બદતર માનવ માંસાહારી બની ગયો છે.

કુદરતે બધા પ્રાણીઓને રહેવા, ખાવા, પીવાની પૂરી સુવિધા આપી છે જ. પ્રકૃતિએ શાકભાજી, ફળ, ફુલોને, અનાજોને પર્યાપ્ત માત્રામાં પોષ્ટિક ગણ્યા છે. સોયાબીન, પાલક, દૂધી, દાળોમાં ભરપૂર પર્યાપ્ત પ્રોટીન, વિટામિન ભરેલ છે. તે માનવ માટે જ છે. છતાં માનવ માંસભક્ષણ કરી તેના ખરાબ પરિણામો ભોગવવામાં અગ્રેસર થાય છે.

ચોરી કરવી, જૂઠું બોલવું, દગો કરવો, ખોટા આરોપ મૂકવા, ખોટા કોર્ટ કચેરી કેસ કરી દેવા આ બધા તેમાં ક્યાંકને ક્યાંક પ્રાયશ્ચિત અથવા કર્મ સુધારની સંભાવના તક છે. દા.ત. વ્યક્તિ કોઈના ઉપર ખોટો આરોપ મૂકીને કોર્ટ કેસ કરે તો સમયાંતરે તે કોર્ટની બહાર ભૂલને સુધારી આરોપ પાછા ખેંચી લે તો માફ થાય. ચોરીની ભૂલ કરે તે ક્ષમા યાચીને માફી મળે ભૂલ સુધારી શકાય. જીવન બદલાવી શકીને ક્ષમા યાચના થાય. ફરી ક્યારેય ચોરી ન કરવાના સોગંદ લઈને માફી મેળવી શકે. તેવી રીતે જુગાર રમત, દારૂ, અન્ય વ્યસન હવે ન કરવાની શરતથી તે માફી મેળવી શકે અને પસ્તાવો વ્યક્ત કરી જીવન પરિવર્તનની તક મળી શકે પણ કોઈના જીવનને ખતમ કરવાની જીવ હત્યા કરી પસ્તાવો કરી પરિવર્તન કરે તે તો માફ થઈ ન શકે. જીવ હત્યા કરી તેની માફી લઈ લેવાના તથા સુધાર કરવાના બધા રસ્તાઓના વિકલ્પો સમાપ્ત કારણ કે ન તો માફી માંગી શકાય છે ન કોઈને બીજીવાર જીવંત કરી શકાય છે.

આ પ્રકારે આપણે એમ પણ કહી શકીએ કે માંસ ખાવું અથવા ખવડાવવું અથવા ધર્મના નામે ક્યાંય જીવ હત્યા અથવા વધ અથવા બલી ચડાવવો તે તો જઘન્ય અપરાધ છે અથવા ઘોર પાપ છે. આ પાપ લોક તથા પરલોક બંનેને બગાડનારું છે. આ લોકમાં મોટી ચિંતાઓ, તાણ, લોકનિંદાથી કોઈ બચી શકે નહિ તો મૃત્યુ પછી નર્કની યાતનાઓ જરૂરથી ભોગવવી જ પડે છે.

આપણા ઘણા મહાનાયકો જેવા કે શ્રી રામ,

(અનુસંધાન પેજ નં. 26 પર)

'પરફેક્ટ બનવાની 'ફેક્ટ'સ !

બ્ર.કુ. નીતિનભાઈ , રાજકોટ

પરફેક્ટ વિશેષણના અર્થમાં સંપૂર્ણ અને ક્રિયાના રૂપે પૂર્ણ બનાવવું કે બરાબર કરવું થાય છે. જ્યારે પરફેક્શન અર્થાત ચોક્કસાઈપૂર્વક થયેલું તે અર્થ થાય. જેમ કે બોર્ડમાં પેપરમાં પસંદગી (ચોઈસ)વાળા જવાબોમાં વિદ્યાર્થીઓએ નાનું વર્તુળ પેન્સિલ વડે ભરવાનું (ફીલ કરવાનું) હોય છે તે એકદમ આખું ભરી દેવાય, અને કાળાશ બહાર પણ ન નીકળે કે અધૂરુ પણ ન રહે તો જ તેના માર્કસ મૂકાય છે. આમ અહીં પરફેક્શન જ ખૂબ જરૂરી ગણાય છે. અર્થાત્ જેવું જરૂરી છે તેવું જ અને તેટલું જ પ્રમાણ જાળવવું. આપણે પણ બોલમાં, કર્મમાં, વિચારોમાં કે સંબંધોમાં આવું પરફેક્શન રાખીશું તો જ તે લાંબા સમય માટે પ્રભાવશાળી બની રહે છે. જેમ બોટલ પર ઢાંકણું 'પરફેક્ટ' ફીટ થઈ જતું હોય તો તે બોટલ ઉપયોગી બનશે, નહીં તો બોટલ નકામી ગણાશે આમ બધી બાબતે બંધબેસતું થવું જોઈએ.

ડિફેક્ટ એટલે કે દોષ, ખામી, ઉણપ, અપૂર્ણતા, ન્યૂનતા આવા અર્થ થાય છે. આમ જેમાં દોષ નથી, ખામી કે ઉણપ વર્તાતી નથી, જેને આપણે અપૂર્ણ ન કહીએ અને ન્યૂનતાનો ભાવ ન હોય તે 'પરફેક્ટ' કહેવાય.

'પરફેક્ટ' એટલે Complete કે પૂરેપૂરું (સંપૂર્ણ કે આખુ) એવું નથી. જેમ કે કોઈની પાત્રતા યોગ્ય હશે તો બોલે છે કે બન્નેમાં એકમેકને સમજી શકશે તેવી યોગ્ય લાયકાત દેખાય છે. તો શબ્દો સરી પડે છે 'પરફેક્ટ' જોડી. હશે જ તેમ નથી કહી શકાતું કે કંમ્પલીટ છે. કોઈ કાર્ય જેટલું પણ કરીએ ભલે તે પૂરી રીતે અર્થાત આખું ન થાય પણ જે થયું છે તેમાં તો નિપુણતાથી, ચોકસાઈપૂર્વકનું થવું જરૂરી છે. ભલે તમે બધું જ ન જાણતા હોવ કે ન પણ આવડે પણ, જાણો છો તેટલું પરિપૂર્ણ હોવું તે અતિ આવશ્યક છે. જેવી રીતે એક વાડકીમાં દહીં ભરવાનું થાય તમે સરળતાથી ભરી દો છો તેના માટે બહુ સારી રીતે કે ચોક્કસાઈ રાખવાની જરૂર નથી પડતી પરંતુ તે જ વાડકીમાં દહીં વલોવાનું થાય છે તો ત્યાં 'પરફેક્ટ' બનવું પડશે. તે વખતે ધીરજ અને ધ્યાનપૂર્વક કાર્ય કરવાની જરૂર પડશે.

સરળ કાર્ય હંમેશા 'પરફેક્ટલી' પૂરા થઈ જતાં હોય છે આવી જ રીતે કોઈ પણ કાર્યમાં સરળ બનીને (સ્વભાવથી) કરવાથી પણ તે 'પરફેક્ટ' થતું હોય છે. પરંતુ અઘરા બનીએ, કે તેના માટે ઉલ્ટુ, વિચારીએ તો કાર્ય બગડે છે અથવા તેમાં 'ડિફેક્ટ' (ખામી) રહી જતી હોય છે. એક ઉદાહરણ વાંચેલું કે, જે દેવમૂર્તિને ચોખા ચડાવાય છે તો ચોખાના દાણામાં કોઈ તૂટેલો દાણો ન હોવો જોઈએ જો અનેક દાણા ભેગો એક દાણો તૂટેલો હશે તો ચાલશે એમ માને અને ચોખા ચઢાવાય તો તેને સાચો પૂજારી નથી કહેવાતો. આ વાત તો બિલકુલ સામાન્ય લાગે પરંતુ છતાંયે ચીવટભરી અને ગુહ્ય છે.

મનુષ્યએ તેના કાર્યોમાં તો સાથેસાથે જીવનમાં દરેક સ્ટેજ પર 'પરફેક્ટ' બનવું જોઈએ. કાર્યમાં કુશળતા લાવવી જરૂરી હોય છે. સરખી રીતે થયેલું એક સરખી કાળજીથી કરાયેલું અને સરખા ઉત્સાહથી પૂર્ણ થયેલું કાર્ય હંમેશા 'પરફેક્ટ' થાય છે. આવું કાર્ય પૂર્ણ થયાનો આત્મસંતોષ થાય છે તો બીજાંઓને પણ કાર્યપૂર્તિનો પૂરેપૂરો સંતોષ આપી શકાય છે. આવા

થયેલા કાર્યોને ઘણીવાર ‘ કલા ’ તરીકે બિરદાવાય છે તો તેવું કરનારને ‘ કલાકાર ’ની ઉપાધિ અપાય છે. તેને કોઈના પણ સ્વભાવ-ભાવ, સંસ્કાર, આચાર, વિચાર, વાણી, વર્તન, વ્યવહાર વગેરેથી કોઈને એકબીજાથી ફરિયાદ નથી. સ્વયંથી પણ ખુશ તો વિશ્વની દરેક વ્યક્તિ જેનો નજીક દૂરનો સંબંધ-સંપર્ક છે તે સર્વે પણ તેનાથી ખુશ હોય તેવું ‘ પરફેક્ટ ’ જીવન દરેકે જીવવું જોઈએ. અતિ ધન-સંપત્તિ, જમીન - જાયદાદ કે મોટર-બંગલો, માન-શાન પ્રતિષ્ઠા જ માત્ર સંતુષ્ટ જીવનને ન આપી શકે. તે માટે જીવનને શુદ્ધ આચરણવાળું બનાવવું જરૂરી છે. અશુદ્ધ આચરણ હશે તો દુ:ખની અનુભૂતિ થશે કે વિઘ્નોનો સામનો કરવો પડશે. ‘ પરફેક્શન ’ આપણને ઘણી બાબતોમાં નિશ્ચિંત સ્થિતિ આપે છે. જે જીવનમાં સ્થિરતા લાવી આપે છે. ચરિત્રવાન, સરળ, સાદું અને ઉચ્ચ વિચારવાળું જીવન જ ‘ પરફેક્ટ ’ જીવન કહી શકાય. પ્રેક્ટિકલ ઉદા. જોઈએ તો પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સંસ્થાપક બ્રહ્માબાબાએ પોતાના જીવનમાં દરેક કાર્ય સ્વસ્થિતિમાં રહીને કુશળતાપૂર્વક સર્વને કરીને બતાવ્યું. ‘ જો કર્મ મૈં કરુંગાં, મુજે દેખ ઔર કરેંગે. ’ ‘ એક બલ, એક ભરોસા ’ સાથે પોતાની ઉંમર 60 થી પણ વધુ હોવા છતાં યજ્ઞની સ્થાપના હતી તે સમયે યુવાનોને ઉમંગ-ઉત્સાહ ભરતા, સ્વયંને ચુસ્ત અને સ્ફૂર્ત રાખીને યજ્ઞના દરેક કાર્ય સંપૂર્ણ નિશ્ચયબુદ્ધિ બનીને કર્યાં. પવિત્રતા અને શાંતિને પોતાના સંકલ્પો અને વૃત્તિમાં એવા તે ભરી દીધાં કે તેમને અંતિમ કર્માતીત અવસ્થા પ્રાપ્ત થઈ તે વખતે તેઓને દુઆઓ અને અતિ પ્યારની પ્રાપ્તિ સ્વત: સર્વ તરફથી પ્રાપ્ત થયાં.

સતોગુણથી ભરપૂર આત્માની શોભા જ અનેરી હોય છે. તેવા આત્માઓની દૃષ્ટિ, વૃત્તિમાં કોઈ પ્રત્યે દુર્ભાવના ન હોય વળી સંબંધ - સંપર્કમાં સર્વ પ્રતિ સમભાવ રાખે. તેમનો સંબંધ પરમાત્મા જોડે સદાકાળનો હોય આથી પરમાત્મા તરફથી વારસામાં 21 જન્મનું સુખ અને નીરોગી કાયા મળે છે. તેમને ડીગ્રી ‘ 16 કલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, સર્વગુણ સંપન્ન, ડબલ અહિંસક, પૂર્ણ પુરુષોત્તમ ’ની મળે છે. તો સદાયે લક્ષ્ય ‘ પરફેક્ટ ’ બનવાનું રાખનાર સદા તેમના વાણી, વર્તન, ચાલચલનમાં સતત પોતાનામાં પરિવર્તન કરી પોતાને સતયુગી દુનિયાને લાયક બનાવે છે.

‘ પરફેક્ટ ’માં જડતા નથી હોતી કે નથી કોઈ દબાણપૂર્વકની કે વધુ પડતાં શિસ્તની વાત. એવી કોઈ નાજુક પરિસ્થિતિ વખતે કે સમયે ઘણીવાર જોવા મળે છે કે એક કહેવાતા ‘ પરફેક્ટ ’ વ્યક્તિથી પણ નાની ભૂલો થઈ જતી હોય છે. તે વખતે સ્વયં પર તેમજ તેવી વ્યક્તિ પ્રત્યે રહેમભાવ રાખવો, શુભવૃતિ અને સંકલ્પમાં શુભભાવના રાખીએ સાથે ધૈર્યતા, સહયોગની ભાવના જેવાં ગુણોનો પોતાનામાં વિકાસ કરવાથી સ્વપ્રિય, સર્વપ્રિય સાથે પ્રભુપ્રિય પાત્ર બની જઈશું ! જો અવગુણો, દોષો જોવાની જ ટેવ પડેલી હશે તો તે કદી ‘ પરફેક્ટ ’ બની ન શકે.

જેમ કે એક વ્યક્તિ રોજ પોતાના જૂતા (શૂઝ) એમનાં યોગ્ય સ્થાને જ મૂકી દે છે અને પોતાની ઓફિસમાં પણ બધું બરાબર ગોઠવીને પછી જ ટેબલ છોડે છે. કોઈ એક સમયે કોઈ વિપદા કે વ્યાધિમાં તે તેવું કરવાનું ભૂલી જાય છે પ્રથમ વખતે તેમને મળનારે તો એવું માની લેવું કે તે પરફેક્ટ નથી તે ભૂલ ભરેલું કહેવાશે. ઉલ્ટું તે સમયે તેની સાથે મદદમાં રહીને કે તેમની તે નાની ભૂલોને આપણે સામે ચાલીને કે તેના ચાલ્યા ગયાં બાદ સુધારી લેવાથી આપણી ‘ પરફેક્ટતા ’નો તો આંક જરૂર ઉંચો જશે તો વળી તેને જાણ થતાં તે

પોતાની 'પરફેક્ટતા'માં ઘણો ઉચો સુધારો લાવશે.

'પરફેક્ટ' બનવા સદાયે પોતાને ચેક કરીએ કે - શું હું માસ્ટર જ્ઞાન સાગર બનીને મારું દરેક કાર્ય ત્રિકાલદર્શી બનીને, યુક્તિ યુક્ત કરું છું? બ્રહ્માબાબા અને જગદમ્બા સરસ્વતી માતાને સામે રાખીને તેના સમાન સંકલ્પ, વર્તન કે વ્યવહાર કરું છું કે અન્ય ને પણ જ્ઞાનથી કે સ્વયંના પરિવર્તનથી પ્રેરણારૂપ બનીને તેઓને પણ આપ સમાન બનાવું છું ? મારાથી કોઈ નારાજ તો નથી થતું ને ? વાણીમાં મીઠાશ કે અંદરથી શાંત કેટલો બન્યો છું ? મારામાં કોઈ રાવણની સંપત્તિ અર્થાત વિકારો તો નથી ને ? કારણ કે નહીં તો નાપાસ થઈ પડીશું. આથી આવું ચેકિંગ આપણે વારંવાર કરતાં રહેવું જોઈએ.

તો ઈશ્વરીય સંતાનોએ જીવનને સંતુષ્ટ, ઉચ્ચ, બીજાને માટે આધારમૂર્ત ઉદ્ધારમૂર્ત, સરળ અને ચીવટવાળું કેવી રીતે બનાવવું તે માટે શિવબાબા રોજ મુરલીમાં જ્ઞાનની પોઈન્ટસ સમજાવે છે. આમ બાબાના સૂક્ષ્મ તે સૂક્ષ્મ ઈશારા આપણને 'પરફેક્ટ' અર્થાત સંપૂર્ણ બનાવવા માટે ઉચ્ચારાયેલા છે ને આપણે સર્વ પદ્માપદ્મ ભાગ્યવાન આત્માઓ છીએ કે સ્વયં 'પરફેક્ટ'તાના સાગર રોજ જ્ઞાનધનથી ભરપૂર કરી આપણને 'સંપન્ન સંપૂર્ણ' બનાવી રહ્યા છે. તો સદા એક ગીત ગાતા રહીએ વાહ મેરા ભાગ્ય વાહ ! **॥ઓમશાંતિ ॥**

(પેજ નં. 07નું અનુસંધાન)...પ્રસન્નતાના

ભોજન આપશો તો સકારાત્મક વિચારો ક્યાંથી આવશે ? જો આપણે સવારે ઉઠતાં જ સકારાત્મક વિચારો કરીશું કે મારી સાથે સર્વકાંઈ સારું જ થઈ રહ્યું છે. સ્વયં પરમાત્મા અને પરમાત્માની શક્તિ મારી સાથે છે તો એનાથી આપણે આખો દિવસ સ્થિર રહીશું અને કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત થઈશું નહીં.

કામ-ધંધેથી પાછા ફરતાં મોડું થતાં ઘરના સભ્યો વિશે નકારાત્મક વિચારો કરવા જોઈએ નહીં. વ્યર્થ સંકલ્પો કરવાથી જ્યારે વ્યક્તિ ઘેર આવશે ત્યારે તમે તેનું કેવું સ્વાગત કરશો ? વ્યક્તિને કોઈ કામ, કારણ હશે એટલે જ મોડા પડ્યા છે એવું વિચારવું જોઈએ. જો આપ નકારાત્મક વિચારો જ કરશો તો ઘરનું વાતાવરણ બગડશે. પણ સકારાત્મક વિચારો કરશો તો વ્યક્તિને પ્રેમથી આવકારી શકશો. જેથી આપણે કેવા વિચારો કરીએ છીએ. તેના ઉપરજ આપણી માનસિક સ્થિતિ રહે છે.

॥ ઓમશાંતિ ॥

મેલી વિદ્યા

'મેલી વિદ્યા' જેવી કોઈ વિદ્યા જ નથી વિદ્યા ક્યારેય કોઈનું અહિત કરવાની કોઈને શક્તિ આપતી નથી. આવી કોઈ સિદ્ધિ ગમે તેવા તંત્ર-મંત્ર કે તાવીજથી સિદ્ધ કરી શકાતી નથી.

'મેલી વિદ્યા' 'કાલા જાદુ'ની વાત આપણા સમાજમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી છે. પરંતુ શું કોઈપણ વ્યક્તિ પર મેલીવિદ્યાના પ્રયોગો કરી તેનું સત્યનાશ કે સર્વનાશ કરાવી શકાય ખરું ? આનો જવાબ છે ના. વિવિધ ગ્રંથોમાં મેલીવિદ્યાનો સીધો કે આડકતરો ઉલ્લેખ હોવાની વાત કરાય છે. પણ આનો કોઈ વૈજ્ઞાનિક પુરાવો નથી.

- મૃગેશ વૈષ્ણવ (મનોચિકિત્સક)

સાધનાનાં સૂત્રો

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

સાધનામાં ભક્તિમાર્ગમાં જેમ પૂજા પ્રાર્થના, અર્ચના, ઉપવાસ, મંત્ર, માળા, જાત્રા જેવી વિધિઓ માત્ર ક્રિયા બનીને રહી જાય તો ફળ આપતી નથી. તેમ જ્ઞાનમાર્ગમાં પણ ક્યારેક યોગ, મૌન, વૈરાગ્ય, સમર્પણ, પવિત્રતા, એકાંત કે અંતર્મુખી થઈ જવા જેવો પુરુષાર્થ પણ મનને દબાવી કે મારીને નહીં પણ સુમન કરીને કે મનાવીને એકાગ્રતાથી ન થાય, બુદ્ધિનો પ્રયોગ વિવેકપૂર્ણ, પૂરતુ સમજ્યા વગર કે અનુભવ વગર ન કરાય, કર્મ દિલથી અને દૃઢતાપૂર્વક ન થાય તો જીવનના લક્ષ સુધી પહોંચવું મુશ્કેલ બને છે.

માત્ર ચૂપ રહેવાથી કે ધીમે બોલવાની કોશિશ દ્વારા મૌન નથી થવાતું. એકાંતમાં જવા માત્રથી અંતર્મુખતા નથી આવતી, કે અવાજ નહીં કરીને શાંત બની જવા માત્રથી શાંતિની અનુભૂતિ નથી થતી. વસ્તુ, વ્યક્તિ કે સાધન વગર ચલાવી લેવું એ ત્યાગ નથી. સગવડો ભોગવો પરંતુ અગવડોનો સામનો કરવાનું સામર્થ પણ કેળવો. આ જ વાતોને બાબા વારંવાર બાબાને ઈતને પ્રકાર કે યોગી, સ્નેહી, ત્યાગી બચ્ચે દેખે એમ કહી સમજ આપે છે પણ કદાચ આપણું ધ્યાન એ તરફ ઓછું જાય છે.

ધાર્મિક કે આધ્યાત્મિક બનીને આપણી વાણીમાં વર્તનમાં કે વ્યવહારમાં દિવ્યતા કે શ્રેષ્ઠતા ન આવે ત્યાં સુધી આપણી તપસ્યા ફળી નથી એમ સમજવું અને ત્યાં સુધી સેવા દ્વારા પણ ખુશી નહીં મળે. નિયમોમાં જડતા ભલે ન હોય પણ નિયમો વારંવાર તૂટે અને મર્યાદાઓનું વારંવાર ઉલ્લંઘન થાય એ પણ યોગ્ય નથી. માટે જ નિયમ, સંયમ અપનાવા છતાં ઉત્સાહ-ઉમંગનો અનુભવ નહીં થાય, મુખ ક્યારેય હર્ષિતમુખ નહીં બને, ચહેરા પર ખુશી અને જીવનમાં પ્રસન્નતાનો અહેસાસ નહીં થાય. પુરુષાર્થની બધી ક્રિયાઓ શબ્દાર્થ જ હશે અનુભવ નહીં.

જેમ ચૂપ શબ્દ બોલતાં આપણા બે હોઠ બીડાય અને આપણે બોલતા બંધ થઈએ કે વાણી પર નિયંત્રણ કરીએ તો એ મૌન નથી થઈ જતું. આપણી આંખો અને ચહેરો ઘણું બધું બોલતો હોય છે. મૌન તો સાધનાનું એક મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. સાધનાનો પ્રથમ હેતુ તો સ્વયંને બદલવાનો છે. કોઈને પણ બદલવામાં આપણો સમય, શક્તિ, બરબાદ ન કરો એનો ઉપયોગ સ્વયંને પરિવર્તન કરવામાં લગાડો. તમારું પરિવર્તન જ ઘણા બધાને મદદરૂપ થશે. તમારા સંકલ્પ-વિકલ્પ, તર્ક-વિતર્કને કરવાથી કોઈને મદદ નહીં મળે એટલે જેટલું બને તેટલું મનથી શાંત રહો, મસ્ત રહો અને તંદુરસ્ત રહો. સરલતાનું પ્રથમ પગલું શાંતિ, સરલતાનું અંતિમ પગલું ઉદારતા છે. ઉદારતા સમર્પણતાથી આવે, માટે ઉદાર બનો, ક્ષમાવાન બનો.

તેવી જ રીતે માત્ર કામ-વિકારને દબાવી રાખવાથી પવિત્ર નથી બની જવાતું. સાત્ત્વિક કે શુદ્ધ ભોજન લેવા માત્રથી આહાર પ્રત્યેની આસક્તિ દૂર નથી થતી. ઘણી યોગી-તપસ્વી કહેવડાવતી વ્યક્તિઓની ભોજન પ્રત્યેની લાલસા અને વિવિધતા વધારે પડતી જોવા મળે છે. ભોજન સ્વાદિષ્ટ-પૌષ્ટિક હોવું જોઈએ. પણ તેની માત્રા અને રીતમાં સંયમ હોય. શરીરને સ્વસ્થ, નિરોગી રાખવા કેટલાક નિયમો અને વ્રત કે સિદ્ધાંતો જરૂર અપનાવો પરંતુ તેની આડમાં કાર્ય પ્રત્યેની

પલાયનવૃત્તિ અને વિશેષ સગવડોના આગ્રહી બનવું બરાબર નથી. ખાસ કરીને સેવાના ક્ષેત્રમાં સંગઠનમાં રહેતા હોઈએ કે જાહેર જીવનની પ્રવૃત્તિમાં શામીલ હોઈએ ત્યારે પ્રસંગોપાત આ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે. બાબા વારંવાર એ વાત પર આપણું ધ્યાન દોરે છે કે આપણે શરીર નથી પણ શરીર આપણું છે. એટલે તેને આપણી આજ્ઞા મુજબ ચલાવતાં આવડવું જોઈએ. ખરેખર તો વધારે પડતા લાડ-લડાવીને મોભા ખાતર પોતાના રોજ-બરોજના કાર્યો અન્ય પાસે કરાવીને આપણે જ શરીરને બગાડ્યું છે. જે સરવાળે આપણને જ આળસુ, નિષ્ક્રિય અને પરાવલંબી બનાવે છે.

આપણી કેટલીક મનોવૃત્તિઓ અને માન્યતાઓએ આપણા મનને પણ બગાડ્યું છે. જેના કારણે આપણે ચિંતાગ્રસ્ત અને ભયભીત રહીએ છીએ. શંકા-કુશંકાઓથી ઘેરાયેલા રહીએ છીએ. અંતે પોતાનામાંથી જ વિશ્વાસ ઊઠી જાય છે. માનવ સ્વભાવગત કરેલા કાર્યથી સંતુષ્ટ થવાને બદલે રહી ગયેલા કાર્યથી અસંતુષ્ટ અથવા નારાજ વધારે હોય છે. ભૂતકાળ અને ભવિષ્ય વિશેનું વધારે પડતું વિચારીને આપણે વર્તમાનને બગાડીએ છીએ. જાણવા જેવું તો વર્તમાનમાં જ ઘણું બધું છે. જે સુધારવું અને બદલવું પણ શક્ય છે અને એ આપણા હાથમાં છે. વળી જે વર્તમાનને જુએ છે. વર્તમાનની વાત કરે છે તે દૃષ્ટા છે. સ્વ-ચિંતન દ્વારા આપણામાં રહેલા વિકારોના કારણોને જાણવા પ્રયત્ન કરવો પડે. જેનાથી જાગૃતતા આવે છે જે દોષો ને દૂર કરવા મદદરૂપ બને છે. સ્વયંના સૂક્ષ્મથી સૂક્ષ્મ સંકલ્પોનું વૃત્તિઓનું અવલોકન નિરીક્ષણ કરી દુર્ગુણોને દૂર કરવા એ જ સાચી અંતર્મુખતા છે.

તપસ્વીમાં પણ જો ઉતાવળ, ઉત્તેજના કે ઉશ્કેરાટ છે તો તે અશાંત ક્રોધી કે મોહને વશ છે એમ કહેવાય. શુદ્ધ પ્રેમને વહેવડાવવામાં અહમ્ બાધક છે. જેમાં બધા જ પ્રકારનો વિનાશ કરવાની પાશવી ક્ષમતા હોય છે.

મન-વચન-કર્મથી લોકોના તન-મન-ધનને બગાડનારા અનેક પ્રકારના નેતાઓ સમાજમાં છે. રાજનેતાના બોલ પર અભિનેતાના અભિનય પર અને ધર્મનેતાની ભાવુકતા પર લોકો પોતાના ધનને બરબાદ કરી રહ્યા છે. સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સ્પર્ધા થવા માંડી છે. સ્પર્ધાથી સદ્ભાવના જન્મતી નથી. તેનો જન્મ તો શ્રધ્ધામાંથી થાય છે. જેનું ઉગમસ્થાન પ્રેમ છે અને છલ-કપટ અને સત્તા તેના અવરોધકો છે.

સંસાર માનસિક વિકલાંગતાના ભરડામાં પીડાઈ રહ્યો છે. મોટા થઈને ડોક્ટર, એન્જીનીયર, ક્રિકેટર કે એક્ટર થવું છે પણ સુખી થવું છે એમ કોઈ નથી કહેતું !

॥ ઓમશાંતિ ॥

- **વિપત્તિઓને સહન કરવાનું બળ માત્ર ઈશ્વરીય યાદથી જ મળે છે.**
- **જો જોવું છે તો બીજાની વિશેષતાઓને જુઓ અને કંઈક છોડવું છે તો પોતાની નબળાઈઓને છોડો.**
- **શાંત સ્વરૂપમાં રહેવાથી જ કર્મમાં કુશળતા અને વ્યવહારમાં શુદ્ધતાનો જન્મ થાય છે.**

Published and Printed by Sarla R. Somaiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

DECLARATION

I **Sarla R. Somaiya** declare that I am the Publisher and Printer of the newspaper entitled **GYAN AMRIT** to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

1) Title of the newspaper	:	GYAN AMRIT
2) Language (s) in which it is (to be), published	:	GUJARATI
3) Periodicity of its publication. Whether a daily, tri-weekly, bi-weekly, weekly fortnightly or otherwise.	:	Monthly
In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is (to be) published.	:	1st or 2nd date of every months
4) Retail selling price of the newspaper per copy.	:	Retail price Rs. 12/-
If it has only an annual subscription and no retail price, please state the annual subscription.	:	Annual Subscription Rs. 110/-
5) Publisher's Name.	:	Sarla R. Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022.
6) Place of Publication (please give the complete postal address)	:	Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, "Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022.
7) Printer's Name	:	Sarla R. Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022.
8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press(es) is/are installed.	:	Shreedhar Printers Pvt. Ltd. J&K, Block No-4, Ravi Estate, Dudheshwar Road, Dudheshwar, Ahmedabad - 380 004. Phone : (079) 2562 5299, 2562 5899
9) Editor's Name	:	Prof. Dr. Kalidas Dhulabhai Prajapati
Nationality	:	Indian
Address	:	G-2/22, Shivam Appartment, New Vadaj, Ahmedabad-380 013.
10)Owner's Name(s)	:	For, Prajapita Brahma Kumaries Ishwariya Vishwa Vidyalaya.
Please state the particulars of individual(s) or of the firm, Joint Stock Company, trust, co-operative society or association which owns the newspaper.	:	Spiritual Organisation

PLACE : AHMEDABAD
Date : 02-01-2019 Sarla R. Somaiya

AUTHENTICATED

Sign and Stamp of Sub Divisional Magistrate (East) Ahmedabad

દીવના ન્યાયાલયમાં 'માનસિક સ્વાસ્થ્ય' કાર્યક્રમ બાદ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ભ્રાતા જે.સી. અગ્રવાલને ઈશ્વરીય સાહિત્ય ભેટ કરતાં બ્ર.કુ. ગીતાબેન બાજુમાં બ્ર.કુ. ડૉ. ડોનીકાબેન.

અમદાવાદ ચાંદખેડામાં 'પાટીદાર સમાજ સ્નેહમિલન'માં સંદેશ આપતાં બ્ર.કુ.સંગીતાબેન મંચ પર ગુજરાત આયોજન પંચના ઉપાધ્યક્ષ ભ્રાતા નરહરિભાઈ અમીન, પુખરાજ હોસ્પીટલના ટ્રસ્ટી નારાયણભાઈ અન્ય.

મુંબઈ વસઈમાં સેમીનારનું ઉદ્‌ઘાટન કરતાં અમૂલના ડાયરેક્ટર ભ્રાતા અનિલ કવઠેકર, ડૉ. ધવલા દીવાન, બ્ર.કુ. પ્રફુલ્લાબેન, બ્ર.કુ. સ્વામીનાથનભાઈ તથા અતિથિઓ.

અમદાવાદ ખાતે 'રાષ્ટ્રીય પુસ્તક મેળા'માં પોઝીટીવ સ્ટોરી પુસ્તકના અનાવરણમાં બ્ર.કુ. નંદિનીબેન, લેખક રમેશ તન્ના, સાહિત્યકાર ભ્રાતા વિષ્ણુ પંડયા, ભ્રાતા રતિલાલ બોરીસાગર અન્ય મહાનુભાવો.

સાવલીમાં 'અજીત ઈન્સ્ટિટ્યુટ' તથા પોલીટેકનીક કૉલેજના પ્રોફેસર ભ્રાતા સમીરભાઈ પંડ્યાને ઈશ્વરીય સાહિત્ય ભેટ કરતાં બ્ર.કુ. શારદાબેન.

મુંદ્રા–કચ્છના મહાવીર પશુરક્ષા કેન્દ્રમાં આયોજીત કિસાન સંમેલનમાં બ્ર. કુ.સુશીલાબેનનું મોમેન્ટો આપી સન્માન કરતી અગ્રણી મહિલાઓ.

સુરતની 'વી.ટી. ચોક્સી' બી.એડ કૉલેજમાં 'વ્યસન મુક્ત જીવન' વિષયની સમજૂતી આપતાં બ્ર.કુ. ઋષિબેન સાથે વિદ્યાર્થીઓ.

રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર ખાતે આયોજીત 'અલૌકિક નાતાલ ઉત્સવ'ની ઉજવણી પ્રસંગે સાંતાક્લોઝ સાથે બ્ર.કુ. નલિનીબેન.

Gyan Amrit Vol.12 | Issue 2 | February 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

વડોદરા માંજલપુરના નવનિર્મિત સેવાકેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે તકતીનું અનાવરણ કરતાં મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી જાનકીજી બાજુમાં બ્ર.કુ. રાજબેન તથા બ્ર.કુ. ધીરજબેન. ઉદ્‌ઘાટન સમારોહ કાર્યક્રમમાં દાદીજીના ૧૦૩મા જન્મોત્સવમાં કેક કટીંગ કરતા દાદી જાનકીજી, બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. ચાંદમિશ્રાભાઈ તથા અન્ય મહાનુભાવો.

વડોદરા અટલાદરા સેવાકેન્દ્રમાં નવનિર્માણાધીન ભંડારાની ખાતમુહૂર્ત વિધિ કરતાં મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી જાનકીજી સાથે બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. અરુણાબેન, બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

માઉન્ટ આબુ મુખ્યાલયમાં પધારેલ સંયુક્ત રાષ્ટ્ર મહિલા અધ્યક્ષ તથા યુરોપ વિદેશ મંત્રાલય કમીટીનાં અધ્યક્ષ શ્રીમતી બાર્નેસ સંદીપ વર્મા સાથે જ્ઞાનચર્ચા કરતાં બ્ર.કુ. શીલુબેન બાજુમાં બ્ર.કુ. ગોપીબેન તથા બ્ર.કુ. અવતારભાઈ.

અમદાવાદમાં મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રો માટે આયોજીત સંગઠીત 'યોગ તપસ્યા ભઠ્ઠી'નું ઉદ્‌ઘાટન કરતાં રાજયોગિની સરલાદીદી, દિલ્હીથી પધારેલ મહિલા પ્રભાગનાં ચેરપર્સન રાજયોગિની બ્ર.કુ. ચક્રધારીબેન, મહિલા પ્રભાગ મુખ્યાલય સંયોજીકા બ્ર.કુ. ડૉ. સવિતાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. નેહાબેન આમંત્રિતો સાથે મોટી સંખ્યામાં લાભ લેતાં બ્રહ્માવત્સો.